૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૨૧




**શ્રી મહાવીર-કુંદકુંદ દિગમ્બર જૈન પરમાગમ મંદિર**
**વિ.સં. ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪)માં પ્રતિષ્ઠિત**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે પોતાને સુખી કરે તે જ મિત્ર છે, અને જે દુઃખી કરે તે શત્રુ એમ આબાલ-વૃદ્ધ સૌ કોઈ સમજે છે. મિત્ર થઈને પોતાને દુઃખી કરવા (જે) મર્યા તે તો શત્રુવત્ ઠર્યા, તેમનો મરવાનો શોચ શો કરવો ? ૧૮૯૩.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૪)

● ઉત્તમ બુદ્ધિકા ધારક મનુષ્ય દૂસરેકે દ્વારા દિયે જાનેવાલે દાનકે વિષયમેં દૂસરોંસે કી ગઈ પ્રસંશાકો સુનકર ઉત્કૃષ્ટ શ્રદ્ધાકો ધારણ કરતા હુઆ અતિશય સંતોષકો પ્રાપ્ત હોતા હૈ. મધ્યમ બુદ્ધિકા ધારક મનુષ્ય સ્વયં યા દૂસરેકે દ્વારા ભી દિયે જાનેવાલે દાનકો દેખકર હર્ષિત હોતા હૈ. પરંતુ હીનબુદ્ધિ મનુષ્ય દિયે જાનેવાલે દાનકો દેખકર ઔર સુનકર ભી અનુરાગકો નહીં પ્રાપ્ત હોતા હૈ. ૧૮૯૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૯૨)

● મારી નિકટમાં પ્રાપ્ત થયેલ કોઈ પણ મિત્ર, અથવા અન્ય કોઈનું મારે પ્રયોજન નથી, મને આ શરીરમાં પણ પ્રેમ રહ્યો નથી, અત્યારે હું એકલો જ સુખી છું. અહીં સંસાર પરિભ્રમણમાં ચિરકાળથી જે મને સંયોગના નિમિત્તે કષ્ટ થયું છે તેનાથી હું વિરક્ત થયો છું, તેથી હવે મને એકાકીપણું (અદ્વૈત) અત્યંત રુચે છે. ૧૮૯૫. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૪)

● જિસ શરીરકો છોડકર જાના પડેગા વહ શરીર અપના કૈસે હો સકતા હૈ ઐસા વિચાર કર ભેદવિજ્ઞાની પંડિત શરીરસે ભી ઉસ મમત્વભાવકો છોડ દેતે હૈં. ૧૮૯૬. (શ્રી કુલધર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક-૨૨૯)

● કલ્પવૃક્ષથી તો સંકલ્પ યોગ્ય એવું ફળ છે, અર્થાત્ વચનથી માગીએ તો મળે. અને ચિંતામણિરત્નનું ચિંતવન યોગ્ય અર્થાત્ મનથી જે ઈચ્છે તે ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ ધર્મના આશ્રયથી તો અસંકલ્પીત અને અચિંતનીય ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ધર્મથી એવું કોઈ અદ્ભુત ફળ પ્રાપ્ત થાય છે કે જે સંકલ્પ અને ચિંતવનથી પણ પર છે. ૧૮૯૭. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૨)

● સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા (જિનપ્રતિમા) દેખી સ્વસંવેદન ભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે—પૂર્વે એ સરાગ હતાં અને રાગ મટાડી વીતરાગ થયા. આ જ હું સરાગ છું (પણ) એમની માફક રાગ મટાડું તો વીતરાગતા મારું પદ તે હું પામું; નિશ્ચયમાં હું વીતરાગ છું. કહ્યું છે કે— આ સ્થાપનાના નિમિત્તથી ત્રણકાળમાં ત્રણલોકમાં ભવ્યજીવો ધર્મ સાધે છે, તેથી સ્થાપના પરમ પૂજ્ય છે. ૧૮૯૮.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું—૭૧)

વર્ષ–૧૬
અંક–૨

વિ. સંવત
૨૦૭૭

October
A.D. 2021






# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ધર્માત્માની અનુભવદશાનું વર્ણન અને તે અનુભવનો ઉપાય

(ગાથા ૧૪૨-૪૩-૪૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સ્વભાવનું અવલંબન લઈને આત્માની શુદ્ધતાનો અનુભવ કરે ત્યારે સાધકપણું અને કૃતકૃત્યતા થાય છે. ભાઈ, વિકલ્પોના અવલંબનમાં ક્યાંય મોક્ષમાર્ગ નથી; માટે તેનું અવલંબન છોડ, તેનાથી જુદો થા, ને જ્ઞાનસ્વભાવમાં તારા ઉપયોગને જોડ... અંતર્મુખ થઈને અતીન્દ્રિય આનંદરસના ઘૂંટડા પી.—આવી ધર્માત્માની અનુભવદશા છે, ને આ જ તે અનુભવનો ઉપાય છે.

૧. જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરી તેનો રાગથી ભિન્ન અનુભવ કરવો, તે જ ઉપાય છે. જ્યાં સુધી જીવ આવો અનુભવ ન કરે અને વિકલ્પોના વેદનમાં અટકી રહે ત્યાં સુધી તે આત્માના ગમે તેવા વિકલ્પો કર્યા કરે તો પણ તેથી શું?—તે વિકલ્પોથી કાંઈ સિદ્ધિ નથી, માટે તે વિકલ્પોની જાળને ઓળંગીને જ્ઞાનસ્વભાવનો અનુભવ કરો;—એમ આચાર્યદેવ ઉપદેશ કરે છે.

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે,
—પણ પક્ષથી અતિક્રાન્ત ભાખ્યો તે ‘સમયનો સાર’ છે. ૧૪૨.

| | |
|---|---|
| મેરુ બડાસા પત્થર પહલે, ફિર છોટાસા ફલસ્વરૂપ,<br>ઔર અન્ત મેં હુઆ ન કુલગિરિ, કિન્તુ સદાસે ઉન્નત રૂપ; | – શ્રી વિષાપહાર સ્તોત્ર |

૨. 'મારી પર્યાયમાં કર્મનું બંધન છે' એવા વિચારમાં કોઈ જીવ અટકે તો તેથી કાંઈ તેને બંધનરહિત આત્માનો અનુભવ થતો નથી; તેમજ 'મારો સ્વભાવ કર્મબંધનથી રહિત છે'—એવા વિચારમાં કોઈ જીવ અટકે તો તેને પણ કાંઈ શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી. બંને પ્રકારના વિકલ્પોથી જુદો પડીને, જ્ઞાનને જ્યારે અંતર્મુખ કરે ત્યારે જ શુદ્ધાત્માનો સાક્ષાત્કાર થાય છે.

૩. જુઓ, આમાં શું કહ્યું? આચાર્યદેવે આમાં ઘણું સરસ રહસ્ય ભર્યું છે. સ્વભાવનું અવલંબન લઈને આત્માની શુદ્ધતાનો અનુભવ કરે ત્યારે સાધકપણું અને કૃતકૃત્યતા થાય છે. જ્યાં સુધી આવું સ્વભાવનું અવલંબન ન લ્યે, ને વ્યવહારનું કે વિકલ્પોનું અવલંબન થઈને અટકે ત્યાં સુધી જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી.

૪. નિશ્ચયમાં આરૂઢ ન થયો અને વ્યવહારરૂપ વિકલ્પો કરવામાં અટક્યો,—તો 'તેથી શું?'—આમ કહીને આચાર્યદેવ તે વ્યવહાર—વિકલ્પોને મોક્ષમાર્ગમાંથી બહાર કાઢી નાંખે છે. ભાઈ, એ વિકલ્પોના અવલંબનમાં ક્યાંય મોક્ષમાર્ગ નથી; માટે તેનું અવલંબન છોડ, તેનાથી જુદો થા, ને જ્ઞાનસ્વભાવમાં તારા ઉપયોગને જોડ. અંતર્મુખ થઈને અતીન્દ્રિય આનંદરસના ઘૂટડાં પી.

૫. દેહમાં રહેલો આત્મા ભિન્નભિન્ન, પોતાના શાંત સ્વભાવથી ભરેલો છે; તે અજ્ઞાનથી પોતાની શાંતિ બહારમાં માનીને પરનો કર્તા થાય છે; બહારમાં જે શાંતિ શોધે છે તે પોતે જ શાંતિથી ભરેલો છે; પોતામાં જ પોતાની શાંતિ છે, તે શાંતિ કેમ શોધવી તેની આ વાત છે.

૬. અંતર્મુખ થઈને શોધતાં શાંતિ મળે છે, એ સિવાય બહારમાં તો શાંતિ નથી, ને અંતરના વિકલ્પોમાં પણ શાંતિ નથી. 'હું બંધાયેલો છું' એવા વિકલ્પમાં શાંતિ નથી; 'હું અબંધ છું' એવા વિકલ્પમાંય શાંતિ નથી. અબંધપણાના વિચાર કર્યા કરવાથી શાંતિ ન મળે પણ અબંધભાવે પરિણમવાથી શાંતિ મળે છે.

૭. આવી શાંતિ કોણ શોધે? ચારે ગતિના જન્મમરણથી જે થાક્યો હોય, ચારે ગતિના ફેરા જેને ટાળવા હોય, જે આત્માનો શોધક હોય, તે જીવ અંતર્મુખ થઈને શાંતિને શોધે. સંસારમાં જેને મજા લાગતી હોય, ને દુઃખ જ ન ભાસતું હોય, તે તેનાથી છૂટવાનો ઉપાય કેમ કરે?

**ઇસી તરહ જો વર્ધમાન હૈં કિન્તુ ન ક્રમસે હુઆ ઉદાર,**
**સહજોન્નત ઉસ ત્રિભુવન-ગુરુકો, નમસ્કાર હૈ બારમ્બાર. ૩૬.**

૮. ભાઈ, બહારમાં વલણ જાય તે જ દુઃખ છે, પછી અશુભવૃત્તિ હો કે શુભવૃત્તિ હો, બંનેમાં દુઃખ જ છે. ચિદાનંદતત્ત્વ નિર્વિકલ્પ છે તેની પ્રાપ્તિ વિકલ્પ વડે કેમ થાય? વિકલ્પ વડે ચૈતન્યતત્ત્વને સ્પર્શાતું નથી. ચૈતન્યસત્તાને વિકલ્પનું શરણ નથી. જ્ઞાની વિકલ્પનું શરણું લેતા નથી.

૯. જે જીવ વિકલ્પનું શરણ માને છે તે જીવ તે વિકલ્પનો જ કર્તા થઈને રોકાઈ જાય છે, એટલે નિર્વિકલ્પ ચૈતન્યની શાંતિનું તેને વેદન થતું નથી. વિકલ્પનું શરણું માને છે તે વિકલ્પથી આઘો ખસતો નથી, વિકલ્પને ઓળંગીને સ્વભાવમાં આવતો નથી; વિકલ્પમાં જ તેને શાંતિ લાગે છે એટલે વિકલ્પના વેદનમાં જ તન્મય થઈને તેના કર્તૃત્વમાં રોકાય છે, એટલે ચૈતન્ય ઘન નિર્વિકલ્પ આત્માનું સમ્યગ્દર્શન તેને થતું નથી.

૧૦. "હું જ્ઞાનસ્વભાવ જ છું" એમ પોતાના જ્ઞાનમાં દ્રઢપણે નિર્ણય કરે, અને અંતરના સૂક્ષ્મ વિકલ્પમાં પણ અશાંતિ ભાસે એટલે તે વિકલ્પને પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે, તે જીવ વિકલ્પને ઓળંગીને ચૈતન્યસ્વભાવમાં પ્રવેશે છે, ને તેને ભગવાન આત્માનું સમ્યક્દર્શન થાય છે, તેનું નામ આત્માની પ્રસિદ્ધિ છે, તે જ પ્રથમ ધર્મ છે, તે જ મોક્ષનું દ્વાર છે.

૧૧. જેમ વિકલ્પમાં શાંતિ માનીને તેના કર્તૃત્વમાં અટકનાર તેનાથી આઘો ખસીને આત્મશાંતિને પામતો નથી, તેમ જે જીવ પરમાં શાંતિ માને છે ને પરનું કર્તૃત્વ માને છે તે જીવ પરથી પરાન્મુખ થતો નથી ને આત્મશાંતિ પામતો નથી. ચૈતન્યસ્વભાવી આત્મા પરથી ભિન્ન અને વિકલ્પથી પણ ભિન્ન છે એટલે તેને પરનું કે વિકલ્પનું કર્તૃત્વ નથી,—એમ નિર્ણય કરીને જ્ઞાનસ્વભાવની સન્મુખ જે જીવ થાય છે તે જ આત્મશાંતિને પામે છે.

૧૨. ચૈતન્યનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે સમજ્યા વિના અજ્ઞાનને લીધે જીવ ચારે ગતિમાં અનંત દુઃખ પામ્યો....તે દુઃખનો જેને ત્રાસ લાગ્યો છે, ચૈતન્યતત્ત્વ સિવાય જગતના બીજા કોઈ પદાર્થમાં જેને સુખ ભાસતું નથી, તે જીવ ચૈતન્યસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાનને સ્વસન્મુખ કરે છે. વચ્ચે આવતા વિકલ્પોને જ્ઞાનથી ભિન્ન જાણીને ઓળંગી જાય છે. આ રીતે વિકલ્પથી જુદો થઈને જ્ઞાનસ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતિ કરે છે તે "સમયસાર" છે, તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આવી પ્રતીતિ કરવી તે ચાર ગતિના અનંત દુઃખથી છૂટકારાનો ઉપાય છે.

**સ્વયં પ્રકાશમાન જિસ પ્રભુકો, રાત દિવસ નહિં રોક સકા,**
**લાઘવ ગૌરવ ભી નહિં જિસકો, બાધક હોકર ટોક સકા;**

૧૩. ચૈતન્યતત્ત્વ વિકલ્પમાંય નથી આવતું, તો વાણીમાં કેમ આવે?–એ તો જ્ઞાનના સ્વસંવેદનથી અનુભવગમ્ય છે. જેણે અંતર્મુખ થઈને સ્વસંવેદનથી આત્માનો પરમ આનંદ અનુભવ્યો છે એવા ધર્માત્મા પણ વાણીથી તેનું વર્ણન કરી શકતા નથી; વાણીમાં માત્ર તેની ઝાંઈ આવે, પણ તે આનંદ તો વાણી અને વિકલ્પ બંનેથી પાર છે.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો......

૧૪. વિકલ્પ અને વાણી બંને ચિદાનંદતત્ત્વથી બાહ્ય છે. જેને ચિદાનંદતત્ત્વનું લક્ષ હોય તેને વિકલ્પોમાં દુઃખ અને આકુળતા લાગે છે, એટલે તેમાં તે અટકતો નથી પણ તેનાથી દૂર થઈને–જુદો પડીને ચૈતન્યમાં પ્રવેશ કરે છે.

૧૫. વનજંગલમાં વસતા ને આત્માના આનંદના સ્વાદમાં ઝૂલતા વીતરાગી દિગંબર સંત પોતાના સ્વાનુભવને પ્રસિદ્ધ કરે છે કે અહો! ચૈતન્યની સન્મુખતાથી અનુભવાતું આ અતીન્દ્રિયસુખ કોઈ વિકલ્પમાં ન હતું, કોઈ બાહ્ય પદાર્થોમાં આ સુખની ગંધ પણ ન હતી. અનંતકાળના શુભાશુભ વિકલ્પોમાં કદી આવું સુખ અનુભવાયું ન હતું. ચૈતન્યનું જેને લક્ષ પણ નથી તેને સુખ શું અને દુઃખ શું તેની પણ ખબર નથી, તો પછી દુઃખ ટાળવાનો અને સુખ પામવાનો સાચો ઉપાય તો તેને ક્યાંથી હોય?

૧૬. અરે જીવ! આવો અવતાર પામીને જો ભવભ્રમણના દુઃખથી છૂટવાની કળા તને ન આવડી તો તે આ અવતાર પામીને શું કર્યું? સુખનો ઉપાય એટલે કે ભેદજ્ઞાનની કળા જાણ્યા વગર બીજું જે કાંઈ કરે તે બધું રણમાં પોકની જેમ ફોગટ છે. જે ભેદજ્ઞાન કરે તેને અંતરમાંથી ભવઅંતના ભણકાર આવી જાય.... સિદ્ધપદના સંદેશ આવી જાય...કે હવે ભવનો નાશ કરીને સિદ્ધપદ અલ્પકાળમાં પામશું.

જે જીવ આત્માનો ખરો જિજ્ઞાસુ થઈને તેના અનુભવનો પ્રયત્ન કરવા મથે છે...તેને શું થાય છે?–તે સંબંધી સુંદર વિવેચન જાણવા માટે આવતા અંકમાં આ લેખનો બાકીનો ભાગ વાંચો. (ક્રમશઃ)

❋

**એકરૂપ જો રહે નિરંતર, કાલ–કલાસે સદા અતીત,**
**ભક્તિ–ભાર સે ઝુકકર ઉસકી, કરું વંદના પરમ પુનીત. ૩૭.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૩૯)

અશુદ્ધભાવો આત્માના સ્વભાવના આધારે થતા નથી, પણ નિમિત્તોના આધારે જ થાય છે, તેથી ત્રિકાળી સ્વભાવમાં અશુભપરિણતિની ઉપાધિ નથી. અશુભપરિણતિથી જડકર્મો બંધાયા અને તેનો ઉદય થતાં બહારના પ્રતિકૂળ સંયોગો (-રોગ વગેરે) મળ્યા, તે પણ જીવમાં નથી. બહારના પ્રતિકૂળ સંયોગોને જ અજ્ઞાનીઓ દુ:ખ કહે છે, પણ આત્મામાં તેનો અભાવ છે એ પ્રતિકૂળ સંયોગો વખતે જે અણગમારૂપ ખેદભાવ થાય છે તે પણ જીવમાં નથી. અજ્ઞાની જીવો, બહારની વસ્તુઓ આત્માને નુકસાન કરે એમ માને છે અને પ્રતિકૂળતામાં અણગમો કરે છે ખરેખર જીવને કોઈ પરવસ્તુ નુકસાન કરતી નથી અને પ્રતિકૂળતા વખતે અણગમો કરવાનો જીવનો સ્વભાવ નથી. અનુકૂળતામાં હર્ષ અને પ્રતિકૂળતામાં શોક—એ બંનેથી રહિત આત્મસ્વભાવ છે.

જ્ઞાની જાણે છે કે, અશુભભાવ થાય તે જીવસ્વરૂપ નથી, તે અશુભભાવથી જે પાપકર્મો બંધાયા તે જીવસ્વરૂપ નથી, પાપકર્મનો ઉદય થતાં બહારમાં પ્રતિકૂળ સંયોગો આવ્યા તે જીવસ્વરૂપ નથી અને તે પ્રતિકૂળતા વખતે જે અહર્ષભાવ થાય તે પણ જીવસ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ એ બધાથી અગોચર છે. અજ્ઞાનીએ પોતાના મૂળતત્ત્વને ન જાણ્યું તેથી બહારમાં કમઠાણ ઉભું કર્યું છે કે, 'અશુભપરિણામ થયા તે હું, તેનાથી પાપકર્મો બંધાયા તે મારાં, તેના ઉદયથી પ્રતિકૂળ સંયોગ આવ્યા તે મને દુ:ખ કરનાર અને તે સંયોગો પ્રત્યે ખેદરૂપ અહર્ષભાવ થાય તેનો ભોગવનાર હું.'—એ રીતે બહિર્દૃષ્ટિથી જ અજ્ઞાનીએ સંસાર ઉભો કર્યો છે, અને વિકારને પોતાનું સ્વરૂપ માનીને તે સંસારમાં રઝળે છે.

આત્મા સહજસ્વભાવે આનંદની મૂર્તિ છે, તેનામાં દુ:ખ નથી. પણ અજ્ઞાની જીવ અંતર્તત્ત્વને ભૂલીને બહારમાં જ પોતાપણું માની રહ્યો છે; તેથી બહારની અનુકૂળતાથી પોતાને સુખી માનીને હર્ષ કરે છે, અને બહારની પ્રતિકૂળતાથી પોતાને દુ:ખી માનીને શોક કરે છે. શ્રી આચાર્યદેવ કહે છે કે—એવા હર્ષ કે શોકરૂપ ભાવો આત્મામાં નથી. આત્માને

ઇસ પ્રકાર ગુણકીર્તન કરકે, દીન ભાવસે હે ભગવાન,
વર ન માંગતા હું મૈં કુછ ભી, તુમ્હેં વીતરાગી વર જાન;

બહારના પદાર્થોથી સુખ–દુઃખ નથી, તેમ જ આત્માની ચૈતન્યભૂમિમાં હર્ષ-શોકનું સ્થાન નથી.–આવી સમ્યકશ્રદ્ધા કર્યા વગર જીવને સ્વભાવની જાગૃતિ અને શાંતિ થાય નહિ અને વિકારભાવ ટળે નહિ.

બહારમાં અપયશ મળે, અપમાન થાય, હાર થાય, પ્રતિકૂળતા આવે–એ બધું પાપપ્રકૃતિનું કાર્ય છે. લોકો કહે છે કે અત્યારે તો ચારે તરફની હાડમારી છે, અનાજ મળતું નથી, ખાંડ–ગ્યાસલેટ મળતા નથી, બધી વસ્તુ મોંઘી છે, દુઃખી-દુઃખી થઈ ગયા છીએ–એમ મૂઢ જીવો બહારની પ્રતિકૂળતાથી દુઃખ માને છે, અને તેમાં શોક કરે છે. ખરેખર કોઈને પણ બહારનું દુઃખ નથી, પણ પોતાની મૂઢતાનું દુઃખ છે. અત્યારે છે તેના કરતાં અનંતગણા પ્રતિકૂળ સંયોગો અનંતવાર આવી ગયા છે. મહા પાપ કરીને સાતમી નરકમાં અબજો–અબજો વર્ષો સુધી રહ્યો, ત્યાં તો કદી ચોખાનો કણીયો, પાણીનું ટીપું કે વસ્ત્રનો તાણો ય મળતો નથી. એવા સંયોગમાં રહેવા છતાં જીવનો એક પ્રદેશ પણ ઓછો થયો નથી, તેમજ જીવના ગુણોમાંથી એક અંશ પણ ઓછો થયો નથી; એવો ને એવો પૂરેપૂરો સ્વભાવ છે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! બહારના સંયોગથી તું જુદો છો અને તે સંયોગના લક્ષે જે હર્ષ કે શોકના ભાવો થાય તે પણ તારા સ્વભાવ નથી. તારો સ્વભાવ સહજ ચૈતન્યરૂપ છે. એવા સ્વભાવને તું સમજ, તો ફરીથી કદી આ સંસારના દુઃખ તારે ભોગવવા પડે નહિ.

આ આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. જેમ સિદ્ધના આત્મામાં વિકાર કે દુઃખની ઉત્પત્તિ થતી નથી. તેમ આ આત્માના ચૈતન્યક્ષેત્રમાં દુઃખ કે વિકાર પાકતા નથી; આત્માના ચૈતન્યક્ષેત્રમાં તો અતીન્દ્રિય આનંદ પાકે છે. વિકારભાવો થાય તે ચૈતન્યભૂમિનો પાક નથી અને ચૈતન્યભૂમિના આધારે તે ટકતાં નથી. જેમ કોઈ જમીન એવી હોય છે કે તેમાં આંબાના ઝાડ જ ઊગે, તેમ આ આત્માની ચૈતન્યભૂમિનો એવો સ્વભાવ છે કે તેમાં હર્ષ-શોક રહિત પરમ આનંદમય ભાવ જ ઊગે–પ્રગટે, તેમાં કોઈ વિકારભાવો ઊગે નહિ આત્માનો ત્રિકાળ સ્વભાવ વિકારરહિત છે.

આવો પરમ પારિણામિકભાવરૂપ નિરપેક્ષ ચૈતન્યસ્વભાવ બતાવીને શ્રી આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! તું આવા શુદ્ધ જીવતત્ત્વની શ્રદ્ધા કર. 'હું રાગી છું–હું દ્વેષી છું, હું વિકારનો કર્તા છું, હું જડની ક્રિયાનો કર્તા છું' એવી અશુદ્ધાત્માની શ્રદ્ધા તો તે અનાદિકાળથી કરી છે અને એ મિથ્યાશ્રદ્ધાને લીધે જ તું સંસારમાં રખડી રહ્યો છે. માટે

**વૃક્ષતલે જો જાતા હૈ, ઉસ પર છાયા હોતી સ્વયમેવ,**
**છાંહ–યાચના કરનેસે ફિર, લાભ કૌનસા હે જિનદેવ ? ૩૮.**

હવે, એ વિકાર હું નહિ પણ 'પરમ શુદ્ધ આત્મા તે જ હું' એવી શુદ્ધાત્માની શ્રદ્ધા કર, તો તારા આત્મામાં શુદ્ધભાવ પ્રગટે અને તારું અવિનાશી કલ્યાણ થાય.

'આત્મા સર્વથા શુદ્ધ છે, તેને પર્યાયમાં પણ વિકાર થતો જ નથી'—એમ સર્વથા એકાંતપણે આત્માને શુદ્ધ કલ્પી લેવો તે કાંઈ શુદ્ધાત્માની શ્રદ્ધા નથી, એ તો તદ્દન મિથ્યાશ્રદ્ધા છે. જો પર્યાયમાં વિકાર ન જ થતો હોય તો અત્યારે પરમાનંદમય શુદ્ધ પર્યાય પ્રગટ હોવો જોઈએ, કેમ કે પર્યાય વગરની કોઈ વસ્તુ હોતી જ નથી; જેણે પર્યાયને જ ન માન્યો તેણે ખરેખર આત્મવસ્તુને જ માની નથી. અને તેને આત્માની સાચી શ્રદ્ધા હોતી નથી. માટે 'આત્મા તો શુદ્ધ જ છે, પર્યાયથી પણ સર્વથા શુદ્ધ છે'—એવી માન્યતા તે મિથ્યાશ્રદ્ધા જ છે,—એમ સમજવું.

જેમ વેદાંતી લોકો આત્માને એકાંત શુદ્ધ માને છે ને પર્યાયને સર્વથા માનતા જ નથી,—તેમ અહીં ન સમજવું. અહીં તો, આત્માના ત્રિકાળી સ્વભાવને તેમ જ વિકારી પર્યાયને—બંનેને જ્ઞાનમાં સ્વીકારીને, ત્રિકાળી સ્વભાવની મુખ્યતાથી વિકારનો નિષેધ કરીને, શુદ્ધ આત્માને શ્રદ્ધવામાં આવે છે. અને એ જ સમ્યક્શ્રદ્ધા છે.

આત્માના પર્યાયમાં વિકાર થતો જ નથી—એમ જે માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે; કર્મ વગેરે પર પદાર્થો વિકાર કરાવે છે—એમ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે; અને આત્મા પોતાના સ્વભાવથી જ વિકારનો કર્તા છે અર્થાત્ વિકાર તે આત્માનો સ્વભાવ છે, તેનાથી આત્માને લાભ થાય છે—એમ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પોતાના પર્યાયમાં વિકાર થાય છે તેને જે જાણે છે, પર પદાર્થો કે કર્મો વિકાર કરાવે એમ માનતા નથી, તેમ જ સ્વભાવદૃષ્ટિથી વિકારના કર્તા પોતે થતા નથી—વિકારને પોતાનો સ્વભાવ માનતા નથી, તેથી વિકારરહિત ત્રિકાળી શુદ્ધસ્વભાવને જ ઉપાદેય માને છે, વિકારને ઉપાદેય માનતા નથી—એવા જીવો સમ્યગ્દૃષ્ટિ છે. તેમને શુદ્ધસ્વભાવનો આદર હોવાથી તેમના આત્મામાં ક્ષણે ક્ષણે—પર્યાયે પર્યાયે શુદ્ધભાવ વધતો જાય છે, અને વિકારી ભાવોનો આદર નહિ હોવાથી ક્ષણે ક્ષણે વિકાર ટળતો જાય છે.—આ જ મુક્તિનો ઉપાય છે. (ક્રમશઃ)

યદિ દેનેકી ઇચ્છા હી હો, યા ઇસકા કુછ આગ્રહ હો,
તો નિજય રન–કમલ–રત નિર્મલ બુદ્ધિ દીજિએ નાથ અહો;



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, દ્રવ્યના ધ્રુવપણાનો નિશ્ચય કહે છે :—

**णो उप्पज्जदि जीवो दव्वसरूवेण णेव णस्सेदि ।**
**तं चेव दव्वमित्तं णिच्चत्तं जाण जीवस्स ।।२३९।।**

અર્થ :—જીવદ્રવ્ય, દ્રવ્યસ્વરૂપથી તો નથી નાશને પ્રાપ્ત થતું કે નથી ઊપજતું; તેથી દ્રવ્યમાત્રથી જીવને નિત્યપણું સમજવું.

ભાવાર્થ :—એ જ ધ્રુવપણું છે કે જીવ, સત્તા અને ચેતનાથી તો ઊપજતો-વિણસતો નથી અર્થાત્ જીવ, કોઈ નવો ઊપજતો કે વિણસતો નથી.

પર્યાય અપેક્ષાએ દરેક વસ્તુનો પહેલા સમયનું જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણું છે, તે બીજા સમયે નથી પરંતુ દ્રવ્ય અપેક્ષાથી જીવાદિ કોઈપણ દ્રવ્ય નષ્ટ થતું નથી—એમ ને એમ સદ્દશરૂપ રહે છે; માટે દ્રવ્યભાવથી જીવને પણ નિત્યપણું છે.

કહેવાનો હેતુ એટલે જ છે કે ધ્રુવપણું છે તે જીવ, સત્તા અને ચેતનતાથી ઉપજતું-વિણસતું નથી અર્થાત્ કોઈ અન્ય જીવ તેને ઉપજાવતું નથી કે બદલતો નથી. સત્‌નો કોઈ કર્તા નથી, વ્યવસ્થાપક નથી, કોઈ કોઈને કાંઈ કરવા-ધારણ કરવાવાળું નથી, માટે પરાશ્રિત પર્યાયબુદ્ધિ છોડીને નિત્ય દ્રવ્યબુદ્ધિ કરવી જોઈએ—આ સાર વાત છે.

હવે, દ્રવ્યપર્યાયનું સ્વરૂપ કહે છે :—

**अण्णइरूवं दव्वं विसेसरूवो हवेइ पज्जाओ ।**
**दव्वं पि विसेसेण हि उप्पज्जदि णस्सदे सददं ।।२४०।।**

અર્થ :—જીવાદિ વસ્તુ અન્વયરૂપ (સામાન્યરૂપ) થી દ્રવ્ય છે અને તે જ વિશેષરૂપથી પર્યાય છે. વળી વિશેષરૂપથી દ્રવ્ય પણ નિરંતર ઊપજે-વિણસે છે.

ભાવાર્થ :—અન્વયરૂપ પર્યાયોમાં નિત્ય સામાન્યભાવને દ્રવ્ય કહે છે તથા અનિત્ય વિશેષભાવ છે તે પર્યાય છે. તેથી વિશેષરૂપથી દ્રવ્યને પણ ઉત્પાદ-વ્યયસ્વરૂપ

**અથવા કૃપા કરોગે હી પ્રભુ, શંકા ઇસમેં જરા નહીં,**
**અપને પ્રિય સેવક પર કરતે, કૌન સુધી જન દયા નહીં. ૩૯.**
– શ્રી વિષાપહાર સ્તોત્ર સમાપ્ત

કહે છે. પરંતુ એમ નથી કે પર્યાય, દ્રવ્યથી જુદો જ ઊપજે–વિણસે છે. અભેદ-વિવક્ષાથી દ્રવ્ય જ ઊપજે-વિણસે છે તથા ભેદવિવક્ષાથી (દ્રવ્ય અને પર્યાયને) જુદા પણ કહીએ છીએ.

લોકભાવનાના વર્ણનમાં ધર્મી જીવ વિચાર કરે છે કે હું તો જ્ઞાતા છું અને લોકના પદાર્થ, મારા જ્ઞેય છે. લોકના દરેક પદાર્થ દરેક સમયે પોતાના કારણે પરિણમિત થઈ રહ્યા છે. રાગરહિત સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને, ધર્મી જીવ એવી ભાવના ભાવે છે.

લોકનો દરેક પદાર્થ સામાન્ય-વિશેષ સ્વભાવરૂપ છે. તેમાં સામાન્યરૂપભાવ તો દ્રવ્ય છે અને વિશેષરૂપભાવ, પર્યાય છે. વિશેષરૂપપર્યાયરૂપ પરિણમિત થવાનો પદાર્થનો સ્વભાવ છે, કોઈ અન્યના કારણે કોઈની પર્યાય થતી નથી. વસ્ત્રનું બળવું, તે વસ્ત્રના પરમાણુઓની વિશેષ પર્યાય છે, તે પર્યાય અગ્નિના કારણે થઈ નથી; અગ્નિના સંયોગનો વસ્ત્રમાં અભાવ છે.

આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે. તેમાં થવાવાળા રાગાદિ વિકાર સંયોગીભાવ છે, જેણે તે સંયોગીભાવોમાં પોતાપણું ભાસિત થયું, તે જીવ બાહ્યમાં પરપદાર્થોના સંયોગથી કાર્ય થયેલું માને છે. સંયોગ અને સંયોગીભાવથી મારું ચિદાનંદસ્વરૂપ ભિન્ન છે—આવી સમજ થતાં સંયોગબુદ્ધિ રહી શકતી નથી. હકીકતમાં દરેક દ્રવ્ય પોત-પોતાના સામાન્ય-વિશેષ સ્વભાવવાળો છે, તે પોતાથી જ પરિણમિત થઈ રહ્યો છે. આ પ્રકારે સ્વતંત્રતાની દૃષ્ટિ વગર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ શકતી નથી.

કોઈ કહે છે—અમને પ્રત્યક્ષ દેખાય છે કે હાથના કારણે લાકડી ઊંચી થઈ, સુથારે ટેબલ બનાવ્યું—શું આ બધું ખોટું છે?

ઉત્તર – પહેલા નક્કી કરો કે પ્રત્યક્ષ તો જ્ઞાન છે, તે જ્ઞાનનો નિર્ણય કર્યા વગર સંયોગનું સાચું જ્ઞાન થતું નથી. પ્રત્યક્ષપણું પરના કારણે નથી પણ જ્ઞાન પોતે જ પ્રત્યક્ષરૂપે પરિણમિત થયું છે તથા ટેબલ બન્યું તે સમયે સુથારની ઉપસ્થિતિ હતી તોપણ ટેબલ પાંચ-દસ વર્ષ સુધી સુથારની ઉપસ્થિતિ વગર ટકે છે કે નહીં? તેની દરેક સમયે તેવી પર્યાય થયા જ કરે છે. તેમાં સુથાર ક્યા છે? માટે સુથાર વગર ટેબલનું કાર્ય થયું છે. જો સુથારે ટેબલ બનાવ્યું હોય તો તેની હયાતી ન હોય તો ટેબલ ન રહી શકે.

અજ્ઞાની, સંયોગદૃષ્ટિથી દેખે છે પણ પદાર્થના સ્વભાવને નથી જાણતો. પદાર્થ સામાન્ય-વિશેષ સ્વભાવવાળો છે; તેની વિશેષ પર્યાય, નિમિત્તના કારણે થતી નથી; પરંતુ સામાન્યના આશ્રયે વિશેષ થાય છે. જો પરના કારણે પર્યાય થતી હોય તો તે સમયે

પદાર્થનું વિશેષ શું રહ્યું? જેણે એ માન્યું કે અગ્નિએ પાણીને ગરમ કર્યું તો તેણે આત્માને પરનો કર્તા પણ માન્યો છે. વાસ્તવમાં એક પરમાણુ, બીજા પરમાણુનું કાંઈ કરે છે—એવી જેની મિથ્યા માન્યતા છે, તે માન્યતામાં આત્મા પરનો કર્તા છે—એવી મિથ્યા માન્યતા પડી જ છે. વ્યવહારનયના કથનમાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને કારણ-કાર્યપણું કહેવામાં આવે છે પરંતુ હકીકતમાં એમ છે નહીં. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ભિન્ન-ભિન્ન છે, તેમાં કારણ-કાર્યપણું નથી.

ન્યાય-ગ્રંથોમાં અન્યમતના સમક્ષ નિમિત્તની સિદ્ધિ કરવા માટે અન્વય-વ્યતિરેકથી કથન કરવામાં આવે છે. જે જગતમાં પરવસ્તુને માનતા જ નથી, નિમિત્તને માનતા જ નથી—એવા જીવોની સમક્ષ નિમિત્તનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે ત્યાં એમ કહેવામાં આવ્યું છે કે નિમિત્ત છે તો કાર્ય થાય છે, નિમિત્ત ન હોય તો કાર્ય થતું નથી પરંતુ ત્યાં નિમિત્તના કારણે કાર્ય થાય છે—એમ બતાવવાનો ઉદ્દેશ્ય નથી.

રાગનો નિરોધ કરવો—આ પણ વ્યવહારનું કથન છે. ભાઈ! તું ક્યા રાગનો નિષેધ કરીશ? જે રાગ વર્તમાનમાં છે, તે તો ઉત્પાદરૂપ છે; ઉત્પાદનો તે સમયે વ્યય થતો નથી અને બીજા સમયે તો રાગ મટી જાય છે, તે સમયે રાગ છે જ નહીં તો તેનો અભાવ કરવો ક્યા રહ્યો? જ્યાં વસ્તુસ્વભાવના આશ્રયથી વીતરાગભાવ પ્રગટ થયો, ત્યાં રાગની ઉત્પત્તિ જ થઈ નથી; માટે ઉપચારથી કહેવામાં આવે છે કે રાગનો નિરોધ કર્યો. પણ તે સમયે રાગની ઉત્પત્તિ જ થઈ નથી. રાગ થવાવાળો હતો તેને રોક્યો—એમ છે નહીં; આ પ્રમાણે અશુભથી બચવા માટે શુભભાવ આવ્યો—એમ કહેવું એ પણ ઉપચારથી કથન છે.

જેમને ગણધરદેવ નમસ્કાર કરે છે—એવા ભાવલિંગી સંતો શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી કાર્તિકેયસ્વામી આદિની વાણી ગંભીર છે, તે પરમેષ્ઠી છે, તેમના કથનનો આશય ન સમજવાવાળા નિશ્ચય-વ્યવહારનો વિપરીત અર્થ કરે છે. વિશેષમાં—પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય છે, ત્યાં પર્યાય અપેક્ષાએ અભેદપણું જોવાથી દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યયરૂપ થાય છે. સામાન્યપણું પર્યાયથી સર્વથા ભિન્ન નથી. સામાન્યરૂપ ગુણમાંથી દરેક સમયે નવી-નવી પર્યાય થાય છે. શુભ-વિકલ્પથી અથવા નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી પણ અનંત ગુણવર્તી દ્રવ્યની અભેદદૃષ્ટિથી સમ્યગ્દર્શન આદિ ધર્મની શરૂઆત થાય છે.

(ક્રમશઃ) ❋

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૬, ગાથા - ૧૮)

## અત્યંત અપવિત્ર દેહની રુચિ છોડ અને પવિત્ર ભગવાન આત્માની રુચિ કર

આ ઈષ્ટ ઉપદેશ છે, તેની ૧૮મી ગાથા ચાલે છે.

અહીં સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ જીવ અને પુદ્ગલની ભિન્નતા બતાવી છે. ભગવાન કહે છે કે તું પોતે શરીરથી જુદો છો તો પછી શરીરની ક્રિયાથી તને ધર્મલાભ ક્યાંથી થાય? શરીરની ક્રિયાથી જીવને જરાય લાભ ન થાય.

શરીરની રુચિ છોડાવવા મુનિરાજ આ ગાથા કહે છે. ભાઈ! આ શરીર જડ, માટી, ધૂળ છે, ચામડીથી વીંટળાયેલું, માંસ, હાડકા ને લોહી-પરુનું પૂતળું છે, એ તારી ચીજ નથી અને તું તેની રુચિ કરે છે તો તારી પોતાની ચૈતન્યની રુચિ કરવાનું રહી જાય છે. એક સાથે બે તત્ત્વમાં રુચિ થઈ શકતી નથી. કેમકે શરીર તો અપવિત્ર અને તું પવિત્ર, બેનો મેળ શી રીતે ખાય? એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેમ પવિત્ર-અપવિત્ર બંનેમાં પ્રીતિ કેમ હોઈ શકે? પ્રભુ પરમાત્માએ આ જીવને શુદ્ધ આનંદકંદ, પવિત્રતાની ગાંઠડી અને પવિત્રતાનો પિંડ કહ્યો છે. માટે કહે છે હે જીવ! તને આ અપવિત્ર જડ મૂર્તિની પ્રીતિ કેમ થાય છે?

ભાઈ! તારે હિત કરવું હોય તો આ જડ શરીર આદિની રુચિ છોડ. તેનાથી મને હિત થશે એવી માન્યતા છોડ! હું જ પવિત્રતાનો પિંડ છું એમ દૃઢ શ્રદ્ધા કરીને આત્માની રુચિ કર, તો તને શાંતિ ને સુખ મળશે. શરીર એવું તો અપવિત્ર છે કે તેની સાથે જે વસ્તુનો સંબંધ થાય તે વસ્તુને પણ તે અપવિત્ર બનાવે છે. દાળ, ભાત, શાક, રોટલી, મેસૂબ આદિ ખાવાની સુંદર વસ્તુને પાંચ-છ કલાકમાં શરીર વિષ્ટા બનાવી દે છે. ભારે ભારે વસ્ત્ર શરીરને પહેરાવો તે થોડીવારમાં શરીરના પરસેવાથી દુર્ગંધ મારશે.

શરીર તો વિષ્ટા તૈયાર કરવાનો સંચો છે ભાઈ! એ માટી છે, જડ છે, એ તું નહિ, એ તારામાં નહિ ને તું એનામાં નહિ. બંને ચીજ જુદી છે. એમ નહિ માનતાં શરીરને પોતાનું માની, ભોગનું સાધન માની, તેમાં રુચિ કરવી, પ્રેમ કરવો તે મિથ્યાદૃષ્ટિપણું છે. વળી જીવ શરીરનો પ્રેમ કરવા જાય છે તેમાં પોતાની રુચિ અને પ્રેમ ચૂકી જાય છે. લાભ છોડીને નુકસાનીમાં રોકાઈ જાય છે તેને જ્ઞાની ગુરુ સમજાવે છે કે

ભાઈ ! શરીર અજીવ ને તું તો જીવ છો, શરીર રૂપી અને તું અરૂપી છો, શરીર મૂર્ત છે અને તું અમૂર્ત છો, તું આનંદનું ધામ છો અને શરીર તો ઉપદ્રવનું ઘર છે. એક વ્યાધિ મટે ત્યાં બીજી થાય અને એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી ઇચ્છા થાય. શરીરના એક પછી એક ઉપદ્રવ ચાલુ જ હોય. પણ શરીરના રાગી જીવો તેની સેવા કર્યા જ કરે છે.

સર્વજ્ઞ વીતરાગ કહે છે કે ભાઈ ! તું અમારી નાતનો અને અમારી જાતનો છો. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' કોઈ આત્મા વાણિયો, બ્રાહ્મણ, ક્ષત્રિય કે શૂદ્ર નથી. બધા આત્મા સિદ્ધની જાતના છે. પણ પોતે પોતાની રુચિ છોડીને પોતાનામાં શ્રદ્ધા જ્ઞાન લીનતા ન કરી અને શરીરાદિમાં રુચિ ને પ્રેમ કરી દુઃખી થઈ રહ્યો છે તેને ભગવાન પરમાત્મા કહે છે કે ભાઈ ! તારામાં તો અતીન્દ્રિય આનંદના પૂર પડ્યાં છે. તેનો ભરોસો નહિ કરતાં મૂર્ખ ! તું જડના ભરોસે જીવન ખોઈ રહ્યો છે. તું ભોળો થઈને ભૂલી રહ્યો છો. પણ તારા ચૈતન્યજીવન અંદર જુદી જ જાતના છે તેનો તો જરા ખ્યાલ કર ! ભરોસો લાવ !

મૂઢ જીવ શરીર કાળું હોય તો કહે હું કાળો, રૂપાળું હોય તો માને હું રૂપાળો, રોગી હોય તો પોતાને રોગી માને. ચોવીશે કલાક રાત-દિવસ શરીરની સંભાળમાં સમય વીતાવી રહ્યો છે પણ જ્ઞાની કહે છે કે ભાઈ ! એ શરીર તો ચામડીમાં વીંટેલા હાડકાં ને માંસ છે, એ કાંઈ તારું સ્વરૂપ નથી.

સો ઇન્દ્રોની હાજરીમાં ભગવાન સર્વજ્ઞદેવ સમોસરણમાં આ વાત દિવ્યધ્વનિમાં સમજાવે છે. આ વિઘ્નરૂપ શરીરમાં તને રુચિ કેમ થાય છે ? નાશવાન ચીજનો ભરોસો કેમ આવે છે ? શરીરમાં તને રુચિ થાય છે એ તારી મૂઢતા છે. ૮ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય, પછી ભલે લગ્ન કરે પણ તેને શરીર અને શરીરના ભોગોમાં સુખ ભાસતું નથી. ભોગ ભોગવે છતાં અંતરથી એ ભોગો પ્રત્યે ઉદાસીનતા છે. તે જાણે છે કે હું તો આત્મા છું, મારું સુખ મારામાં છે, મારા આત્મિક સુખ પાસે આ જડના સુખની કાંઈ જ કિંમત નથી.

ચાર શેર ઘીનો પાયેલો મેસૂબ ખાઈને અજ્ઞાની સુખ માને છે પણ જરા મેસૂબ ચાવીને મોઢું ખોલીને અરીસામાં જોવે તો તેને પોતાને ગ્લાનિ થશે. કૂતરાની એંઠ જેવું દેખાશે. પણ જીવને દરકાર ક્યાં છે ! જડનો પ્રેમ કરીને વૃથા સમય ગુમાવે છે. પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખવાની દરકાર પણ કરતો નથી. અનંતકાળે મોંઘો મનુષ્યદેહ મળ્યો છે તે પણ ભાઈ ! તું જડના ભરોસે ગુમાવી રહ્યો છે !

પ્રભુ, તું આત્મામાં એકાગ્રતા કર તો તને સિદ્ધ જેવો આનંદ આવશે. તું અમૂર્ત આનંદનો સંચો છો, તેમાંથી વીતરાગી આનંદ જ પ્રગટ થાય. અહીં મુનિરાજ શરીર અને આત્માનું સ્વરૂપ બતાવી તે બેનું જુદાપણું બતાવે છે. શરીર પ્રત્યે દ્વેષ કરાવવાનો આશય નથી. બંનેનું સ્વરૂપ છે તેવું પ્રગટ કરે છે. શરીરનું સ્વરૂપ કેવું છે તે વિચારો ! જુદાં જુદાં વાસણમાં હાડકાં, માંસ, લોહી, પરુ આદિ કાઢો. કેવું ગ્લાનિકારક છે ? તેનું જ શરીર બનેલું છે. જ્યારે આત્માનું સ્વરૂપ ભાગ પાડીને વિચારો તો ? એક તરફ જ્ઞાન, એક તરફ શાંતિ, આનંદ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રકાશ આદિ અનંત ગુણ ભર્યા છે, એકલા ગુણોનો જ પિંડ છે. આમ બંનેનું સ્વરૂપ બતાવી મુનિરાજ શરીરની રુચિ છોડાવી આત્માની રુચિ કરાવે છે. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્માની રુચિ થાય તેને પરની રુચિ રહે જ નહીં.

જીવની ભૂલ-ભૂલામણી ગુરુ બતાવે છે. પરમાં મારાપણાની બુદ્ધિ અને માયા-મોહમાં પોતાનું સ્વરૂપ ભૂલી રહ્યો છે. સહજાત્મસ્વરૂપ સહજાનંદી નિજ આત્માનું સ્વામીપણું ચૂકીને આ જડનું સ્વામીપણું કરે છે તે મિથ્યાદષ્ટિના લક્ષણ છે.

પવિત્ર મનને પણ અપવિત્ર બનાવે એવા આ શરીરને સારી વસ્તુ ખવરાવવી અને સારાં સારાં કપડાં પહેરાવવા, અનેક જાતની અનુકૂળતા આપવી તેનાથી શું લાભ છે ? એ અપવિત્ર શરીર બધાંને અપવિત્ર બનાવશે. શરીર રજકણનો પિંડ અને તું અરૂપી આનંદનો પિંડ શરીરથી જુદી ચીજ છો એવા ભાન વગર શરીરની અનુકૂળતા માટે અનેક ઉપાયો કરવા તે બધા વ્યર્થ છે. એક રોગ આવે અને દવા કરે ત્યાં બીજો રોગ થાય. કહેવત છે ને 'એક સાંધે ત્યાં તેર તૂટે' તેના જેવું આ શરીરનું છે; અઢારેય અંગ વાંકાં છે, અને ભગવાન આત્મા આનંદનો કંદ છે, શાંતિનો પિંડ છે. તેનો પ્રેમ કરાવવા માટે આ ઈષ્ટ ઉપદેશ છે ભાઈ ! તારી નજરમાં ફેર છે. જ્યાં સુખ છે ત્યાં તું નજર નાખતો નથી અને જેમાંથી સુખ-શાંતિ કદી મળવાની નથી એવા શરીરાદિમાં તું સુખની આકાંક્ષા રાખીને બેઠો છો. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૩૩ થી ચાલુ) (બાળકોના પ્રશ્નો)

(૧૭) કુંદકુંદ આચાર્યદેવના સમયસાર આદિ પાંચ પરમાગમ એ ......................ના શાસ્ત્ર છે. (કરણાનુયોગ, પ્રથમાનુયોગ, દ્રવ્યાનુયોગ)


(૧૮) ચૈતન્ય અનુવિધાયી આત્માના પરિણામને ..................... કહે છે. (પ્રમાદ, ઉપયોગ, લેશ્યા)

(૧૯) પદાર્થના સર્વદેશને જાણવાવાળા જ્ઞાનને ............... કહે છે. (પ્રમાણ, નય, નિક્ષેપ)

(૨૦) પંચેન્દ્રિય તિર્યંચના ............... ભેદ છે. (ત્રણ, ચાર, બે)




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા – ૭)

## તિર્યંચગતિનાં દુઃખોનું વિશેષ કથન

આત્માનો પોતાનો સુખસ્વભાવ છે; તેનું સુખ સંયોગને લીધે નથી, ઈન્દ્રિયવિષયોને લીધે નથી, એ વાત ઘૂંટીઘૂંટીને પ્રવચનસારમાં સમજાવી છે. કેવળી ભગવાનનું અતીન્દ્રિયસુખ બતાવીને આત્માનો સુખસ્વભાવ સિદ્ધ કર્યો છે. સુખ–દુઃખરૂપે આત્મા પોતે પરિણમે છે, તેમાં બાહ્યવિષયો તેને કાંઈ કરતા નથી.

અરે, તું પોતે સુખસ્વભાવથી ભરપૂર છો; તારા સુખસ્વભાવની તને ખબર નથી, તેથી દુઃખને જ તું વેદી રહ્યો છે. પણ વિચાર તો ખરો કે શું દુઃખ વેદવું એ તે કાંઈ જીવનો સ્વભાવ હોય! કોઈવાર નરકના જીવને તીવ્ર દુઃખવેદનામાં એવો વિચાર જાગી જાય છે કે અરે, આવું દુઃખ! આવો ત્રાસ!—એ આત્માનો સ્વભાવ ન હોય. એમ વિચારતાં અંદરમાં દુઃખ વગરના શાંતસ્વભાવમાં ઊતરી જાય છે ને આત્માના અતીન્દ્રિયસુખનો અનુભવ કરી લ્યે છે. જુઓને, જીવ જાગે તો એને કોણ નડે છે?—નરકનો સંયોગ પણ એને નડતો નથી, ત્યાં પણ આત્મજ્ઞાન કરી લ્યે છે, જીવ પોતે જાગે તો શું ન કરી શકે! અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ લ્યે—એવી મહાન તાકાતવાળો છે. એવી નિજશક્તિને સંભાળે તો અનંતકાળનું અજ્ઞાન ક્ષણમાત્રમાં ટળીને અપૂર્વ વીતરાગવિજ્ઞાન પ્રગટે...ને પછી ઉગ્રધારાએ શુદ્ધતાની શ્રેણી માંડે તો અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન પ્રગટ કરે. દરેક આત્મા આવા સ્વભાવ–સામર્થ્યવાળો છે.

જીવ પોતે પોતાને ભૂલીને મિથ્યાત્વને લીધે ચારગતિમાં જે દુઃખ ભોગવે છે તેનો ચિતાર આપવા માટે અહીં બહારના પ્રતિકૂળસંયોગથી (છેદન–ભેદન વગેરેથી) કથન કર્યું છે. અંદરના દુઃખનો ખ્યાલ બીજી કઈ રીતે આપવો? બુદ્ધિગોચર દુઃખો કરતાંય અબુદ્ધિગોચર દુઃખો અનંતા છે.

પાલેજમાં એકવાર નજરે જોયેલું કે પીંજરામાં પકડાયેલા ઉંદર ઉપર એક છોકરો ક્રૂરતાથી ધગધગતું પાણી રેડતો હતો. ધગધગતા પાણીથી બફાઈ જાય ને તરફડે, પણ પીંજરે પૂરાયેલો તે ઊંદર બિચારો ક્યાં જાય?–કોની પાસે પોકાર કરે? ક્રૂર જીવો ભૂંડનાં બચ્ચાને ચારેપગે બાંધીને જીવતેજીવતું ભઠ્ઠીમાં સેકી નાંખે ને પછી ખાઈ જાય. બળદ–પાડા

વગેરેને અસહ્ય ત્રાસ આપીને તેની પાસે સો–સો મણનો ભાર પરાણે–પરાણે ખેંચાવે ને પછી શરીર નીચોવાઈ જાય એટલે કાપવા માટે કસાઈને વેંચી દ્યે.–આવી ક્રૂરતા અજ્ઞાનભાવે અનંતવાર જીવે કરી, ને પોતે પશુ થઈને આવા દુઃખો અનંતવાર ભોગવ્યા. અત્યારે તો જુઓને, ભણતરના નામે વાંદરા વગેરે પ્રાણીને બિચારાને રીબાવે, જીવતો રાખી માંથામાં ડગળી પાડીને દવા વગેરેના અખતરા કરે; જીવતા દેડકાંના ચાર પગમાં ખીલા ઠોકીને તેનું પેટ ચીરે. અરેરે, ભણતરના નામે કેટલી ક્રૂરતા! એ તો બધા અનાર્ય–ભણતર છે. આર્યમાણસોમાં આવી ક્રૂરતા ન હોય. અહીં કહે છે કે છેદન–ભેદનના ને ભૂખ-તરસના આવા દુઃખો અનંતવાર તેં સહન કર્યા, માટે હવે એવો ઉપાય કર કે ફરીને આવા દુઃખ ભોગવવા ન પડે....ને ચાર ગતિના દુઃખથી છૂટીને આત્મા મોક્ષસુખ પામે.

ચાર ગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ,
શુદ્ધાતમ-ચિંતન કરી લે શિવસુખનો લ્હાવ.

કૂતરાના અવતારમાં ઘરેઘરે ભટકે તોય પેટ ન ભરાય. કૂતરા વગેરે તિર્યંચોને ભૂખ ખૂબ હોય છે; પણ બિચારાને પેટપૂરતું ખાવાનુંય મળતું નથી. ઘરે ઘરે રખડે, કેટલોય તિરસ્કાર પામે, કેટલીય લાકડિયું ખાય ત્યારે માંડમાંડ રોટલાનું એકાદ બટકું મળે. દુષ્કાળમાં ઘાસ વગર ગાય વગેરે ઢોર ભૂખે ટળવળતા આંસુ સારતા ઊભા હોય, તેનો માલિક ભરવાડ પણ એ ઢોરના ખંભે માથું ઢાળીને ઊભો હોય ને ભૂખ્યા ઢોરને દેખીને એની આંખમાંથીયે આંસુ હાલ્યા જાતા હોય. આ ઉપરાંત ઢોરને રોગાદિ પણ થાય, કીડા પડે, ટાઢ તડકા સહન કરે, આમ અનેક પ્રકારનાં દુઃખોમાં તે રિબાય છે. માટે હે જીવ! આવા દુઃખોથી તું ભયભીત હો અને સુખને ચાહતો હો તો તું મુનિરાજની આ શિખામણ ગ્રહણ કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કર ને મિથ્યાત્વાદિને છોડ.

## તિર્યંચનાં વિશેષ દુઃખ અને કુમરણ

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં તિર્યંચનાં દુઃખોનું થોડુંઘણું વર્ણન કર્યું, બાકી કથનમાં તો કેટલુંક આવે? તેથી તેનો ઉપસંહાર કરતાં કહે છે કે—

(ગાથા–૮)

वध बंधन आदिक दुख घने, कोटि जीभतैं जात न भने ।
अति संक्लेश भावतैं मर्यो, घोर श्वभ्रसागरमें पर्यो ।।८।।

અરે, અજ્ઞાનથી પશુપણામાં વધ–બંધન અને બીજા ઘણા પ્રકારનાં જે દુઃખો જીવે

સહન કર્યા તેનું વર્ણન કેટલું કરવું? કરોડો જીભથી પણ એ દુઃખો કહી શકાય તેમ નથી. થોડાક શારીરિક સ્થૂળ દુઃખો અહીં બતાવ્યા, બીજા હજારો પ્રકારનાં માનસિક દુઃખોની જે તીવ્ર પીડા છે તે વચનથી કેમ કહી શકાય? આમ ઘણાં દુઃખો ભોગવી–ભોગવીને અંતે અત્યંત સંક્લેશ ભાવથી કુમરણે મર્યો અને નરકમાં ઘોર દુઃખના દરિયામાં જઈને પડ્યો.

જો કે બધા પંચેન્દ્રિય તિર્યંચો કાંઈ નરકમાં જ જાય–એવું નથી; તે તો ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં જાય છે. પણ અહીં તીવ્ર પાપપરિણામથી મરીને નરકમાં ગયો તેની વાત છે, કેમકે દુઃખ કેવા કેવા ભોગવ્યા તે બતાવવું છે; તેમાં તિર્યંચ પછી હવે નરકનાં દુઃખ બતાવવા છે. શાસ્ત્રો તો સુખનું ઉત્કૃષ્ટ સ્વરૂપ બતાવે, તેમ દુઃખનુંય ઉત્કૃષ્ટસ્વરૂપ બતાવે કે જેથી તે દુઃખથી છૂટવાનો અને સુખની પ્રાપ્તિનો જીવ ઉપાય કરે. અજ્ઞાનથી સંસારમાં જીવ મહા દુઃખી છે એ વાત પણ ઘણાને નથી બેસતી; પોતે દુઃખી છે–એનો પણ જેને ખ્યાલ ન આવે તે જીવ તે દુઃખનાં કારણોનો કે દુઃખથી છૂટવાનો ઉપાય કેમ વિચારે?– જેને એનો વિચાર નથી, દુઃખથી છૂટવાની જિજ્ઞાસા નથી–એવા જીવોની તો અહીં વાત નથી. અહીં તો જેને એમ ભાસે કે હું મહા દુઃખી થઈ રહ્યો છું, ને સુખી થવાની પિપાસા જેને અંતરમાં જાગી હોય એવા જીવને સન્તો આ ઉપદેશ કરે છે.

ભાઈ, અજ્ઞાનભાવે સંસારના કોઈ દુઃખ ભોગવવા તેં બાકી નથી રાખ્યા. હું કોણ છું, મારી સાચી જાત શું છે, હું દુઃખી છું કે સુખી, દુઃખથી છૂટવા ને સુખી થવા માટે મારે શું કરવું, શું છોડવું ને શું ગ્રહવું—એના ભાન વગર, વિવેક વગર, વિચાર વગર જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરૂં?
કોના સંબંધે વળગણા છે? રાખું કે પરહરૂં?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાન્તતત્ત્વ અનુભવ્યાં.

અરે, વિચારશક્તિ મળી તોય જીવ વિચાર પણ કરતો નથી, ને જેમ ધગધગતા અગ્નિમાં સકરીયું સેકાય તેમ દુઃખાગ્નિમાં સેકાઈ રહ્યો છે...દુઃખના ભડકામાં દાઝી રહ્યો છે પણ મૂઢને દુઃખ દેખાતું નથી! જરાક અપમાનાદિ થાય ત્યાં તો ક્રોધથી સળગી ઊઠે છે. અરે જીવ! આ તને નથી શોભતું. તું જાગ...જાગ. ધર્મ વગર તારા જીવનની કાંઈ કિંમત નથી. અળશિયાના ને કીડાના અવતારમાં ધર્મ વગર મર્યો ને આ મનુષ્ય અવતાર પામીને પણ ધર્મ વગર મરે–તો એ બેમાં ફેર શું રહ્યો? ભાઈ, ધર્મ વગર તારાં દુઃખ મટે તેમ નથી.

ધર્મ વગર સુખ ક્યાંથી હોય? ધર્મ વગર જીવને કેવા કેવા દુઃખો ભોગવવા પડે છે

તેની આ કથા છે. જેમ રામ વગેરેનું લાંબા કાળનું જીવન ત્રણ કલાકના નાટકમાં દેખાડે છે તેમ આ આતમરામના અનંતકાળના દુઃખની કથા શાસ્ત્રકારોએ સંક્ષેપમાં બતાવી છે. ભાઈ, તિર્યંચપણામાં તેં ઘણાં દુઃખો ભોગવ્યા. કોઈ છરાથી એને કાપે, ભૂખ્યા-તરસ્યા બાંધી રાખે, પીંજરામાં પૂરી રાખે,—તિર્યંચ પોતાનાં એ દુઃખ કોને કહેવા જાય? મોટું માછલું થઈને નાના માછલાંને ખાઈ જાય; નાનું માછલું હોય તે એવા ક્રૂર વિચાર કરે કે હું મોટું હોત તો આ બધા માછલાંને ખાઈ જાત.–આવા ક્રૂરભાવ કરીને કુમરણે મરે અને નરકમાં જઈને પડે. નરકનાં ઘોર દુઃખોની વાત હવે પછી કરશે.

પ્રશ્નઃ—જીવે આવા અનંત દુઃખ સહન કર્યા તે અત્યારે કેમ યાદ નહિ આવતા હોય?

ઉત્તરઃ—અત્યારે દુઃખ છે એ તો નજરે દેખાય એવું છેને! તો ભૂતકાળ પણ જીવે આ જ રીતે અજ્ઞાનીપણે દુઃખોમાં જ વીતાવ્યો છે. એની મૂઢતાને લીધે એને યાદ ન આવે તેથી શું? માતાના ઉદરમાં ઊંધે માથે નવમાસ રહીને જે દુઃખ ભોગવ્યું તે પણ યાદ નથી આવતું, તેથી શું તે દુઃખ ન હતું? ભાઈ, સન્તો તને યાદ દેવડાવે છે કે અજ્ઞાનથી અત્યાર સુધીનો અનંતકાળ તેં કેવા દુઃખમાં વીતાવ્યો! ચારગતિમાં ક્યાંય સુખની ગંધ પણ તને ન મળી. અરે, દુઃખકથા સાંભળતાં વૈરાગ્ય આવી જાય એવું છે.

શાસ્ત્રમાં સુકુમાર (સુકોમલ)ના વૈરાગ્યપ્રસંગનું વર્ણન આવે છે. તેની માતા યશોભદ્રાને જ્યોતિષીએ પહેલેથી કહેલું કે તારો પુત્ર કોઈ પણ મુનિરાજને દેખતાં કે તેમનાં વચન સાંભળતાં જ વૈરાગ પામી દીક્ષા લેશે,–આથી તેની માતા તેને મહેલમાં જ રાખતી ને ભૂલેચૂકે કોઈ મુનિ એની નજરે ન પડી જાય તેની તકેદારી રાખતી. તે યશોભદ્રાના ભાઈ યશોભદ્ર, એટલે સુકુમારના મામા, તેઓ મુનિ થયા હતા. તેમણે અવધિજ્ઞાન વડે જાણ્યું કે હવે સુકુમારનું આયુષ્ય થોડુંક જ બાકી છે. આથી તેને પ્રતિબોધવા તેના મહેલની નજીકના ઉદ્યાનમાં 'ત્રિલોકપ્રજ્ઞપ્તિ'ની સ્વાધ્યાય કરવા લાગ્યા; તેમાં ત્રણલોકનું વર્ણન આવે છે. પ્રથમ નરકનાં દુઃખોનું વર્ણન આવ્યું, તે પોતાના મહેલમાં બેઠાબેઠા સાંભળીને સુકુમારને વૈરાગ્યભાવના જાગી. પછી મધ્યલોકના વર્ણન બાદ ઊર્ધ્વલોકના અચ્યુત સ્વર્ગનું તથા ત્યાંના દેવની વિભૂતિ વગેરેનું વર્ણન સાંભળતાં સુકુમારને પોતાના પૂર્વભવનું સ્મરણ થયું; ને ઇન્દ્રિયસુખને અસાર જાણીને સંસારથી તેનું મન વિરક્ત થયું. તે તરત જ મુનિરાજ પાસે ગયા ને હવે ત્રણ દિવસનું જ આયુષ્ય બાકી છે—એમ સાંભળીને તે જ વખતે દીક્ષા લઈ મુનિ થયા. આમ નરકાદિના દુઃખોનું સ્વરૂપ વિચારે તોપણ જીવને વૈરાગ્ય આવે તેવું છે.

(ક્રમશઃ) ❋



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

અજીવને અજીવ સિદ્ધ કર્યું ક્યારે કહેવાય? કે કર્મ કર્મથી પરિણમે છે પણ જીવના રાગથી નહીં એમ માને તો. વળી આસ્રવથી અજીવ પરિણમે નહિ, અજીવથી બીજો અજીવ પરિણમે નહિ એમ સમજવું જોઈએ. એક બીજાને લીધે ક્રિયા માને તેનો વ્યવહાર પણ સાચો નથી. અનંતા આત્મા કહેતાં એક આત્મા બીજાને લીધે નથી. એક પરમાણુને લીધે બીજા પરમાણુ નથી. હું અખંડાનંદ પ્રભુ છું, એવો સમ્યક્ભાવ પૂર્વ પર્યાયમાં હતો, તે વ્યય થાય છે. માટે તેને સાધક કહ્યો ને વીતરાગી પર્યાય થઈ તેને સાધ્ય કહી. બંને પર્યાય છે, પ્રથમ આવો વ્યવહાર વિચાર ન હોય તેને અનુભવ પ્રકાશ થાય નહિ માટે વ્યવહાર રત્નત્રયને સાધક, નિમિત્ત અથવા વ્યવહાર કારણ કહીએ છીએ ને નિશ્ચય રત્નત્રયને સાધ્ય કહીએ છીએ.

જે જીવ અનંતા આત્માને ન માને, અનંતા ગુણોને ન માને અથવા બીજા તત્ત્વમાં ભૂલ કરે તેનો વ્યવહાર ખોટો છે, માટે તેને નિશ્ચયરત્નત્રય પ્રગટ થઈ શકે નહિ.

(૫) “સમ્યગ્દષ્ટિને વિરતિ વ્યવહાર પરિણતિ સાધક છે ત્યાં ચારિત્ર શક્તિ મુખ્ય સાધ્ય છે.”

મિથ્યાદષ્ટિને વિરતિ વ્યવહાર પરિણતિ હોઈ શકે નહિ. સમ્યગ્દષ્ટિની વાત છે. હું અખંડ જ્ઞાયક આત્મા છું, એવી પ્રતીતિ થઈ છે તેને મુનિદશા વખતે પાંચ મહાવ્રતના તથા ૨૮ મૂળગુણ વગેરેના વિકલ્પો નિમિત્ત તરીકે હોય છે. દષ્ટિમાં પૂર્ણરૂપ આત્મા જ ઉપાદેય છે પણ જેને ચારિત્ર પ્રગટ્યું નથી. તેને શુભભાવ આવે છે જ્યારે મુનિપણું લ્યે છે ત્યાં છકાય જીવોને મારવાના અશુભભાવ હોતા નથી પણ પંચમહાવ્રતના પરિણામ હોય છે તે વ્યવહાર છે. એવી વ્યવહાર પરિણતિ સાધક છે, પણ તે વિકલ્પ કાળે ધ્યેય વિકલ્પ નથી, પણ શુદ્ધ સ્વભાવમાં ઠરવું તે ધ્યેય છે. ચારિત્રની અકષાયદશા પ્રગટ કરી, અંતરમાં ઠરવું તેવી ચારિત્રશક્તિ સાધ્ય છે ને વિકલ્પ સાધન છે.

કેટલાક જીવો કહે છે કે આ કાળમાં સ્વરૂપ કઠણ છે, એમ કહેનારને રાગ-દ્વેષ સહેલા લાગે છે એટલે કે બહિરાત્મપણું સહેલું લાગે છે, પુણ્ય-પાપના પરિણામ કરી

રખડવું સહેલું લાગે છે, તે બહિરાત્માને સાધે છે, તેને બહારની રુચિ છે, ને અંતરનો પ્રેમ કરતો નથી, આવી રીતે સ્વરૂપ કઠણ માનનાર સ્વરૂપનો અનાદર કરે છે.

અહીં સમ્યગ્દષ્ટિ જીવ વિરતિ કરવા માગે છે તેને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં પ્રેમ નથી, કષાયમાં પ્રેમ નથી. અશુભ આચરણનો ત્યાગ છે. પંચમહાવ્રતના પરિણામ હોય છે પણ તેમાં નિશ્ચયથી પ્રેમ નથી. હું જ્ઞાયકમૂર્તિ છું તેવી શક્તિનું ભાન છે. તેને પ્રગટાવવા માગે છે. તે કેવી રીતે પ્રગટે છે? નિજશુદ્ધાત્મદ્રવ્યનો આશ્રય કરવાથી જ પ્રગટે છે.

ચારિત્ર બાહ્યથી પ્રગટતું નથી. ચારિત્ર પ્રગટાવવું હોય તેનો વ્યવહાર કેવો હોય? તે મુનિને પંચમહાવ્રતના વિકલ્પમાં રહેવાનો ભાવ નથી. દેહ, મન, વાણીની ક્રિયામાં પ્રેમ નથી. તેવા જીવને સ્વદ્રવ્યના આશ્રયે ચારિત્ર પ્રગટે છે. આહાર-પાણી સારાં મળે તો પરિણામ સારા થાય એમ માનનાર અજ્ઞાની છે. આહારાદિની ક્રિયા જડની છે. તેમાં તેને પ્રેમ નથી. ચારિત્ર પ્રગટ કરવાના કામીને બહારનાં કામમાં પ્રેમ નથી. સ્વભાવનું અવલંબન થયું છે ને જેમ જેમ રાગનો અભાવ થાય છે તેમ તેમ જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિરતા વધે છે. આમ વિશ્રામપદ મળ્યું. પરાશ્રયમાં તો રાગનો થાક હતો તે સ્વરૂપને અવલંબીને વિશ્રામ મળ્યો. ભવનો પ્રેમ હતો તે છૂટી ગયો ને પોતાનું સ્વરૂપધામ મળ્યું. તેમાં સ્થિરતા કરે તે ચારિત્ર છે. તે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે ને તે ચારિત્રથી કેવળજ્ઞાન પ્રગટે છે. જ્ઞાયકના અવલંબને જે અકષાયદશા પ્રગટે તે ચારિત્ર છે.

આ પ્રમાણે સમ્યગ્દષ્ટિને વિરતિ-વ્યવહાર પરિણતિ સાધક છે ને ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે.

(૬) ''જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુમાં ભક્તિ, વિનય, નમસ્કારાદિ ભાવસાધક છે ત્યાં વિષયાદિ ઉદાસીનતામાં પરિણતિની સ્થિરતા સાધ્ય છે.''

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનાં ભક્તિ, વિનય, બહુમાન કરવા વગેરે પ્રકારનો વિકલ્પ સાધક છે ને સંસારના અશુભભાવથી ઉદાસીનતા થવી તે સાધ્ય છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો ભક્ત કેવો હોય? તે કેવા દેવની ભક્તિ કરે? જેની ચેતનાશક્તિ પૂર્ણ પ્રગટી છે એટલે કે સર્વજ્ઞ સર્વદર્શીશક્તિ પ્રગટેલ છે તે અર્હંત દેવ છે, અનંતા ગુણો પ્રગટી ગયા તે સિદ્ધ છે તેને દેવ કહે છે. ધર્મી જીવ તેમની તથા તેમની પ્રતિમાની પૂજા તથા સેવા કરે છે. તેમના પ્રત્યે મનમાં પરિપૂર્ણ પ્રીતિ છે. કુટુંબ, બૈરાં-છોકરાં ને દુકાન પ્રત્યે પ્રીતિ ઘટાડીને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પરિપૂર્ણ પ્રીતિ કરી છે. વળી ધર્મી જીવ બાહ્ય પ્રભાવના કરે

છે. દેવની પ્રભાવના કેમ થાય તેવો વિકલ્પ ધર્માત્માને આવ્યા વિના રહેતો નથી. દેવનું સ્વરૂપ આવું હોય તેમ વિચાર ને ભક્તિ અંતરંગ ધ્યાન છે. વળી ધર્મી જીવ સર્વજ્ઞના ગુણનું વર્ણન કરે છે. અહો! પરમાત્મા શક્તિરૂપે હતા તે પરિપૂર્ણ પ્રગટ થઈ ગયા છે. કોઈ બીજો સર્વજ્ઞથી વિરુદ્ધ કહેતો હોય તેને માને, મનાવે કે સંમત થાય—એમ બને નહિ. એવી અવજ્ઞાનો ભાવ દેવભક્તિવાળાને હોય નહિ. વળી ધર્મીને દેવ પ્રત્યે પરમ ઉત્સાહ આવે. અહો! અનંતકાળથી આવા દેવને મેં જાણ્યા ન હતા, હવે જાણ્યા એમ વિચારી તેમના પ્રત્યે પરમ ઉત્સાહ લાવે, વાણી તથા કાયાને તે તરફ જોડે એટલે કે મન-વચન-કાયાના નિમિત્તે થતો ભાવ દેવ તરફ લગાવે—લક્ષ્મીને પણ તેમાં લગાવે. જેમ સંસારમાં છોકરાનાં લગ્ન માટે ખૂબ ખર્ચા કરે છે તેમ અહીં કહે છે કે ધર્મીને દેવ પ્રત્યે પ્રીતિ એવી છે કે દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્ર માટે લક્ષ્મી વાપરે. આવા જીવની ભક્તિ સાધક છે ને વિષયાદિથી ઉદાસીનતા સાધ્ય છે.

આ સાધ્ય-સાધકના બોલની વાત ચાલે છે. સંસારના અશુભ ભાવ ઘટાડી, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે તે સાધક છે ને મનની સ્થિરતા સાધ્ય છે. જેમની જ્ઞાતા-દ્રષ્ટા શક્તિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે, અનંતા ગુણો પ્રગટ થઈ ગયા છે, એવા સર્વજ્ઞ દેવને ઓળખી, તેમની પૂજા ને ભક્તિ કરવી, બૈરાં-છોકરાં ઉપરના પ્રેમ કરતાં વિશેષ પ્રેમ સર્વજ્ઞ પ્રત્યે હોય જ. સર્વજ્ઞના માર્ગની પ્રભાવના થાય તેવો ભાવ કરે છે, સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા છે. સર્વજ્ઞ દેવથી વિરુદ્ધ માર્ગ કહેતા હોય તેને પુષ્ટિ આપે નહિ. તે ભક્તિ છે. સર્વજ્ઞ પ્રત્યે પરમ ઉત્સાહ આવે છે. પોતાને અલ્પ કાળમાં સર્વજ્ઞ થવું છે. માટે ભગવાન પ્રત્યે પરમ ઉત્સાહ આવે છે. ઘેર દીકરો આવે ને પૈસાની પેદાશ થાય, તેમાં ધર્મીને એવા ઉત્સાહ ન હોય. સર્વજ્ઞના ગુણ ગ્રામમાં મન, વાણી ને કાયાને જોડે, સંસાર ખાતે લક્ષ્મી વાપરતો હોય તેના કરતાં વિશેષ દેવની પૂજા વગેરેમાં વાપરે ને સર્વજ્ઞ દેવનો વિરોધ થતો હોય તેને ટાળવા માટે પણ લક્ષ્મી વાપરે—આનું નામ સાધકપણું છે.

વળી સર્વજ્ઞ દેવને તે પોતાના પ્રાણથી વલ્લભ જાણે. ઇન્દ્રિયો ભલે જાય, આયુ ભલે જાય, મન-વચન-કાયા છૂટી જાય, છતાં સર્વજ્ઞ પ્રત્યે એવો પ્રેમ હોય કે પ્રાણની દરકાર ન કરે, સર્વજ્ઞ ભગવાનને અનંત સુખના નિમિત્તકારણ જાણે. મારા સુખનું કારણ તો મારી પાસે છે પણ તેમાં નિમિત્તકારણ ભગવાન છે. તેથી તેને માટે મન-વચન-કાયાને લગાવે.

ભાવદીપિકામાં લખ્યું છે કે ધર્મ માટે ધનનો લોભ કરે, દેવ-ગુરુ-શાસ્ત્ર માટે સંકોચ

કરે તો અનંતાનુબંધીનો લોભ છે. વીતરાગ ન થાય ત્યાં સુધી સાધકને સર્વજ્ઞ પ્રત્યે પ્રેમ આવે છે. સર્વજ્ઞ દેવ કે તેમની પ્રતિમા સુખ આપે છે કે શુભભાવ કરાવે છે—એમ તે માનતો નથી, પણ વીતરાગની ગેરહાજરીમાં 'જિનપ્રતિમા, જિન સારખી', માની શુભભાવ કરે છે. ધર્મી તેને પુણ્ય સમજે છે. પોતે આનંદ સ્વરૂપ છે, પુણ્ય-પાપની વૃત્તિથી પાર છે. એમ શ્રદ્ધા કરેલ છે. એવા ભાવપૂર્વક ભગવાનની ભક્તિ કરે છે. દેવની આવી ભક્તિ ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળાને થયા વિના રહેતી નથી. આમ દેવની ભક્તિ કહી, સમકિતી જીવ શાસ્ત્રની ભક્તિ કરે છે, તે હવે બતાવે છે.

સર્વજ્ઞના દિવ્યધ્વનિમાં નીકળેલાં શાસ્ત્રો કે જે અવિરોધ વાતને સ્થાપે છે. તેવાં શાસ્ત્રની ભક્તિ કરે, કેમ? પોતાનું સ્વરૂપ ભગવાને કહ્યું છે, તે શાસ્ત્રના નિમિત્તે પમાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવાય, ને કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્ર કોને કહેવાય તે બરાબર ઓળખે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉલ્લાસ આવે. આ વાણી અનેકાંત સિદ્ધ કરે છે. જડમાં ચૈતન્ય નથી, આખું દ્રવ્ય એક પર્યાયમાં આવી જતું નથી. રાગની પર્યાય દ્રવ્યમાં નથી એક ગુણ બીજા ગુણરૂપે થતો નથી. એક પર્યાય બીજી પર્યાય રૂપે થતી નથી. આમ શાસ્ત્ર અનેકાન્તનું સ્વરૂપ બતાવે છે જેને ખોટાં શાસ્ત્ર નિમિત્તરૂપે હોય તેને મિથ્યાદર્શન હોય જ છે. ધર્મીને સાચાં શાસ્ત્ર નિમિત્ત રૂપે હોય છે. શાસ્ત્રના ભણતરથી સંસારનું દુઃખ નાશ પામે છે. સ્વ-પર વિવેકજ્ઞાન સાચા ગ્રંથની પરીક્ષા કરવાથી પ્રગટે છે. ગુરુ સદાય હાજર હોતા નથી ત્યારે શાસ્ત્ર નિમિત્ત હોય છે. આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે. વિકાર ક્ષણિક છે, જડ પર છે, જડનો મારામાં અભાવ છે ને મારો જડમાં અભાવ છે, સ્વભાવનો રાગમાં અભાવ છે. આમ બતાવે છે તે સાચા શાસ્ત્ર છે. તેને નમસ્કાર કરે, ઉત્સાહ કરે. શાસ્ત્ર હોય ત્યાં કુચેષ્ટા કરે નહિ. હાસ્ય ન કરે પણ તેની ભક્તિ કરે. મોક્ષનો માર્ગ સાચી વાણીથી સમજાય છે. સર્વજ્ઞની વાણી મોક્ષમાર્ગમાં નિમિત્ત છે. મોક્ષમાર્ગ ને મોક્ષનું સ્વરૂપ વીતરાગની વાણી કહે છે માટે શાસ્ત્રને ઓળખવાં જોઈએ. પૂર્વાપર વિરોધ રહિત વાણી કઈ છે, તે જાણવું જોઈએ. શાસ્ત્ર રત્નના અક્ષરેથી લખે, ચાંદી-સોનાના શાસ્ત્ર બનાવે, જગતમાં કેમ પ્રભાવના થાય, એવો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. સંસારમાં લગ્ન વખતે પૈસા ખરચે છે તેમ શાસ્ત્રની ભક્તિ માટે મન, વચન, કાયા ને લક્ષ્મી લગાવે તો તેનું મન સ્થિર થાય છે. સંસાર તરફના વલણનો વિકલ્પ તોડી સ્વભાવ તરફ આવી શકે છે. આમ મોક્ષમાર્ગ અને મોક્ષનું સ્વરૂપ વાણીથી સમજાય છે. માટે શાસ્ત્ર ભક્તિ કહી છે. (ક્રમશઃ)

❋



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી
## વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૧૧) ધર્મ–અનુપ્રેક્ષા

જે ઉત્તમભાવથી સુપાત્ર જીવ મોક્ષ સુધીની કલ્યાણ–પરંપરાને પ્રાપ્ત કરે એવો સમર્થ ઉદારભાવ તે ધર્મ છે. (૧૮૬૪)

ધર્મવડે જીવ પૂજ્ય, વિશ્વસનીય, પ્રિય અને યશવાન થાય છે. વળી તે ધર્મ સુખ-સાધ્ય છે અને જીવને મનમાં નિવૃત્તિ (શાંતિ–તૃપ્તિ) કરનાર છે. (૧૮૬૫)

તે ઉત્તમ ધર્મ, સ્વર્ગલોકમાં કે મનુષ્યલોકમાં જેટલા કલ્યાણ છે તે સર્વેને તેમજ મોક્ષસુખને પણ બોલાવી લાવે છે. (૧૮૬૬)

જિનદેવે જોયેલો જિનધર્મ સર્વ દુ:ખનો નાશ કરનાર છે; જેણે લૌકિક અપેક્ષા વગર નિરપેક્ષપણે, વિશુદ્ધ મનથી અને દૃઢ ધૈર્યથી આવા જિનધર્મને ધારણ કર્યો, તે જીવ ધન્ય છે. (૧૮૬૭)

ઈન્દ્રિય અશ્વ પર આરૂઢ થઈને વિષય અટવીમાં ઉન્માર્ગ પર દીર્ઘકાળ સુધી ભટકી ભટકીને જીવ દુ:ખી થયો; હવે તે ઈન્દ્રિય-અશ્વ પરથી ઉતરીને (એટલે કે વિષય-કષાયોને છોડીને) જિનદેવે કહેલા નિવૃત્તિમાર્ગમાં (મોક્ષમાર્ગમાં) જે ગમન કરે છે તે ધન્ય છે. (૧૮૬૮)

રાગથી અને દ્વેષથી જગતમાં રમતા (સંસારમાં–વિષયકષાયમાં રાચતા) જીવોને, નિરાસ્પદ–ભયરહિત એવા વીતરાગધર્મમાં રતિ કરવાનું અતિ દુર્લભ છે. (૧૮૬૯)

અહો, તેનો મનુષ્યજન્મ સફળ છે કે જેને સંસારદુ:ખના કારણરૂપ કર્મ આવવાના દ્વારનો (એટલે કે આસ્રવનો) સમ્યક્ પ્રકારે નિરોધ છે અને જેનું ચારિત્ર પાપરહિત નિર્દોષ છે. (૧૮૭૦)

ધર્માત્મા પુરુષને નિર્વેદ, સમતા, વૈરાગ્ય, દયા અને ચિત્તનિગ્રહ (એકાગ્રતા) જેમ જેમ વૃદ્ધિગત થાય છે તેમ તે નિર્વાણ વિશેષ સમીપ આવે છે. (૧૮૭૧)

જિનેન્દ્રનું ધર્મચક્ર જગતમાં જયવંત વર્તે છે....સમ્યગ્દર્શન તેનું મધ્ય–તુંગ (નાભી) છે, બારઅંગરૂપ શ્રુતજ્ઞાન તેના આરા છે, વ્રત તેની ધરી છે અને તપ તેની ધાર છે. (૧૮૭૨)

(ઈતિ ધર્મ ભાવના)

## મહાન......કાર્ય



હે જીવ ! આત્મહિતનું મહાન કાર્ય તારે સાધવાનું છે. માટે જે ઉપાયથી તારું હિત થાય તેમાં જ તારા પરિણામની બધી શક્તિ લગાવજે. બહારની નિષ્પ્રયોજન વાતોમાં રસ લઈશ નહીં, તેમાં તારી શક્તિ વેડફીશ નહીં. જેને તારા આત્માર્થની સાથે સંબંધ નથી એવી નાની નાની બાબતમાં તું અટકીશ તો તારા મહાન આત્મપ્રયોજનને તું ક્યારે સાધી શકીશ ?

જગતમાં અનુકૂળ ને પ્રતિકૂળ પ્રસંગો તો બન્યા જ કરવાના, તીર્થંકરો અને ચક્રવર્તીઓને પણ એવા પ્રસંગો ક્યાં નથી બન્યા ? મોટા મોટા મુનિઓ અને ધર્માત્માઓ ઉપર પણ એવા પ્રસંગો ક્યાં નથી આવ્યા ? રોગ ને નિરોગ, માન ને અપમાન, નિંદા ને પ્રશંસા, સુખ અને દુઃખ, સંયોગ ને વિયોગ એવા અનેક પરિવર્તનશીલ પ્રસંગો તો જગતમાં બન્યા જ કરવાના.-પણ તારા જેવો આત્માર્થી જો એવા નાના પ્રસંગોમાં આત્માને રોકી દેશે તો આત્માર્થના મહાન કાર્યને તું ક્યારે સાધી શકશે ?- માટે એવા બાહ્ય પ્રસંગોથી તું અત્યંત ઉપેક્ષિત થા..... ને તારી સર્વજ્ઞશક્તિને આત્મસાધનામાં જોડીને આનંદથી આત્માને સાધવાનું મહાન કાર્ય કરી લે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—સહજ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ અર્થાત્ આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે કે કાળલબ્ધિથી?**

ઉત્તર :—વાસ્તવમાં પુરુષાર્થથી થાય છે. આત્મપ્રાપ્તિ કહો કે સમ્યગ્દર્શન—એક જ વાત છે. જો કે સમયસારના કળશ ટીકાકાર પાંડે રાજમલ્લજી તો ચોથા કળશની ટીકામાં કહે છે કે 'સમ્યક્ત્વ—વસ્તુ યત્ન સાધ્ય નથી સહજરૂપ છે' પરંતુ ત્યાં તો અન્ય અપેક્ષા છે. ત્યાં તો એમ બતાવવું છે કે જ્યારે જીવને વધુમાં વધુ અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ બાકી રહે છે ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેઓ જાતે ત્યાં લખે છે—

"અનંત સંસાર જીવોને ભ્રમણ કરતાં જાય છે તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણેકાળ મોક્ષ જવાને માટે અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવા યોગ્ય છે. તેઓને મોક્ષ પહોંચવાનું કાળ-પરિમાણ છે. વિવરણ—આ જીવ આટલો કાળ વિત્યા પછી મોક્ષ થશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભ્રમણ કરતાં કરતાં જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તન માત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઉપજવા યોગ્ય છે તેનું નામ કાળલબ્ધિ કહેવાય છે. જો કે સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તોપણ કાળલબ્ધિ વગર કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને માટે યોગ્ય નથી—એવો નિયમ છે તેથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે."

**પ્રશ્ન :—જો એમ છે તો અમારે શું સમજવું?**

ઉત્તર :—જુઓ; જોકે કળશ ટીકાકારે તો અહીંયા કાળલબ્ધિની મુખ્યતાથી વ્યાખ્યાન કર્યું છે, તોપણ પુરુષાર્થ વગર કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી—આ પણ એટલો જ મહત્ત્વનો સિદ્ધાંત છે. આત્મપ્રાપ્તિના પ્રસંગમાં તો તેની જ મુખ્યતા કરવી યોગ્ય છે. અહીંયા આ વાતનો વિચાર કરવા યોગ્ય છે કે આત્મપ્રાપ્તિના પ્રસંગમાં સમ્યક્ પુરુષાર્થ શું છે? સમ્યક્ પુરુષાર્થ વિના આત્મપ્રાપ્તિ સંભવતી નથી. એટલી વાત તો સિદ્ધ જ છે કે પુરુષાર્થ વગર આત્મપ્રાપ્તિ થાય જ નહિ.

હવે આ તો વિશ્વાસ થવો જોઈએ કે મારો સ્વકાળ આવી ગયો છે અને સર્વપ્રકારે અવસર આવી ગયો છે, હવે મારે સમ્યક્ પુરુષાર્થ દ્વારા સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું યોગ્ય

છે. આખું જગત પોતાને રુચતી વાતનો તો તુરત જ વિશ્વાસ કરે છે પરંતુ આ સમ્યક્ પુરુષાર્થની વાતનો વિશ્વાસ નથી કરતું, કેવી વિચિત્ર વાત છે કે જે કાર્ય તેનાથી થઈ શકતું નથી, તેને તે કરી શકતો નથી, તેનો તો તરત વિશ્વાસ કરીને પુરુષાર્થ કરે છે, પરંતુ જે વસ્તુ પોતાની છે, પોતાનાથી થઈ શકે છે, તેનો ન વિશ્વાસ કરે છે અને ન પુરુષાર્થ કરે છે. તેથી હે ભાઈ! તું તો એવી શ્રદ્ધા કર કે હું તો સંસાર સાગરથી તરવાના માર્ગ ઉપર જ જઈ રહ્યો છે. મારું સંસાર-ભ્રમણ સમાપ્તિ પર છે. તેથી ભવ-રહિત સ્વભાવની વૃદ્ધિ કરીને પોતાનું હિત કરી લેવું જોઈએ.

પ્રશ્ન :—રાજમલ્લજી કાળલબ્ધિને જ્યાં હોય ત્યાં કેમ નાખે છે?

ઉત્તર :—પાંચે સમવાય સાથે જ છે, રાજમલ્લજીને કાળલબ્ધિ સિદ્ધ કરવી છે. હું તો પહેલેથી જ કહું છું કે જે કાળે જે થવાનું હોય તે જ થાય. એનું જ્ઞાન થાય કોને? કે જે સ્વભાવની દૃષ્ટિ કરે તેને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય છે.

પ્રશ્ન :—જેવા ભાવ કરે તે થાય કે થવાના હોય તે થાય?

ઉત્તર :—થવાના હોય તે થાય, પણ કરે છે માટે થાય છે. જે થવાના હતા તેનો કર્તા થઈને કરે છે. ખરેખર તો થવાના હતા તે થયા તેમ કોને?—કે સ્વભાવનો નિર્ણય છે તેને. જ્ઞાયકભાવની દૃષ્ટિ કરે તો થવાનું હતું તે થાય તેમ સમ્યક્ નિર્ણય થાય છે.

પ્રશ્ન :—થવાનું હોય તે થાય તો પુરુષાર્થ નબળો પડે ને?

ઉત્તર :—થવાનું હોય તે થાય તે ક્યારે?—કે પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય ત્યારે સમ્યક્ નિર્ણય થાય. તેમાં ઘણો પુરુષાર્થ છે.

પ્રશ્ન :—જ્યારે આત્મા જ્ઞાયક જ છે, તો પછી તેમાં કરવાનું શું?

ઉત્તર :—ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે.

પુરુષાર્થ કરું...કરું....પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું....કરું.... કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—સ્વભાવ પ્રાપ્તિની પણ બહુ આકુળતા કરવા જેવી નથી?

બહેનશ્રીઃ—બહુ આકુળતા કરવાથી તેને ધીરજ નથી રહેતી (ધીરજ ખોઈ બેસે છે) અને તેથી ક્યાંક ને ક્યાંક શાંતિ મનાઈ જાય એવું તેને થઈ જાય છે. આ જ્ઞાતા જ છે એમ સહજપણે જ્ઞાયકને ગ્રહણ કરવાને બદલે ઉતાવળથી કૃત્રિમતા થતાં ધ્યાન કરવા બેસે ત્યારે વિકલ્પ મને દેખાતા જ નથી; હવે મને સમકિત થઈ ગયું એમ તેને થઈ જાય છે અર્થાત્ ખોટી રીતે મનાઈ જાય, એવું તેને થઈ જાય છે. મારા વિકલ્પ શાંત થઈ ગયા છે એવો ભ્રમ ઉતાવળને લઈને તેને થઈ જાય છે.

જેને ગુરુદેવે અને શાસ્ત્રોએ જ્ઞાયક કહ્યો છે તે આ જ્ઞાયક જ હું છું, બીજું કાંઈ હું છું જ નહિ.—આમ જેને અંતરમાંથી સહજપણે ગ્રહણ થાય છે તેનું હૃદય જ—તેનો આત્મા જ—નિઃશંકપણે ને સહજપણે અંદરથી કહેતો હોય છે કે આ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે જ નહિ. તેને કોઈને પૂછવા જવું પડતું નથી, પણ તેનું હૃદય જ સહજપણે કહેતું હોય છે કે આ જ જ્ઞાયક છે, આ જ સ્વાનુભૂતિ છે અને આ જ ભગવાને અને ગુરુએ કીધેલો માર્ગ છે. આમ તેને અંતરમાંથી સહજપણે આવે છે, તેને કોઈને પૂછીને નક્કી કરવું પડે એવું હોતું નથી. અંદરથી તેની દૃઢતા જુદી જાતની આવે છે.

મુમુક્ષુઃ—આમાં ઘણું સમજવા જેવું છે?

બહેનશ્રીઃ—ઘણા ધ્યાન કરવા બેસે અને પછી તેમાં પ્રકાશ જેવું દેખાય ને કાંઈક શાંતિ લાગે એટલે કહે કે ધ્યાન થઈ ગયું. આવી કાંઈક-કાંઈક કલ્પનાઓ થાય છે; પણ તેમાં બહારનું દેખવાનું કાંઈ નથી કેમ કે પોતે જ છે. અંદરની શાંતિ પ્રગટે અને વિકલ્પથી છૂટો પડે તે, પોતાનો આત્મા જ તેને કહી દે છે, સ્વાનુભૂતિ જ કહી દે છે. અંદરથી ન્યારા પડેલા આત્માની નિઃશંકતા અને દૃઢતા જુદી જ આવે છે. અંતર એકાગ્રતાપૂર્વક પોતાનું અસ્તિત્વ ગ્રહણ થયા વગર અને વિભાવ તરફની નાસ્તિ થયા વગર અર્થાત્ ભેદજ્ઞાન થયા વગર એમ ને એમ સાચું ધ્યાન થઈ શકતું નથી. માત્ર તેના વિકલ્પ ડામાડોળ હોય તે શાંત થાય છે, ઓછા થઈ જાય છે. અંદરથી જુદો પડીને સ્વભાવની અસ્તિ ગ્રહણ કરે અને વિભાવનું

ભેદજ્ઞાન થાય એટલે કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય અને તેની સાથે ભેદજ્ઞાન થાય—બંને સાથે હોય તો ધ્યાનની એકાગ્રતા સાચી થાય છે. પોતાના સ્વભાવનું અસ્તિત્વ ગ્રહણ કરતાં તેનું ધ્યાન, તેની લીનતા, અને તેમાં ઢળવાનું થાય છે. ઉપયોગને અંદર પોતા તરફ વાળે તો તેને વિકલ્પ શાંત થાય છે. તેનો માર્ગ એક ભેદજ્ઞાન છે, અને તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને વિભાવથી નાસ્તિ થાય તો થાય છે.

***પ્રશ્ન* :—શ્રદ્ધા અને ચારિત્ર એ બંને ગુણોનું પરિણમન સ્વતંત્ર છે એમ કહીને શું કહેવું છે?**

**સમાધાન** :—એમ કહેવું છે કે તું શ્રદ્ધા તો યથાર્થ કર. પછી આચરણ તારા પુરુષાર્થ પ્રમાણે થશે. પ્રથમ શ્રદ્ધા સાચી કર, શ્રદ્ધા થયા ભેગું આચરણ થઈ જતું નથી. શ્રદ્ધા એ મુક્તિનો માર્ગ છે, શ્રદ્ધા વગર કાંઈ થઈ શકતું નથી. માટે મુખ્ય તો શ્રદ્ધા છે. જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે આચરણ થયા વિના રહેતું નથી. તેથી શાસ્ત્રમાં આવે છે કે બની શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ કરજે, જો તે ન બની શકે તો શ્રદ્ધા તો બરાબર કરજે. શ્રદ્ધામાં આડું-અવળું કરીશ નહિ, કે મારાથી થઈ શકતું નથી માટે માર્ગ આવો ન હોય. મુનિની જે ધ્યાનદશા શાસ્ત્રમાં કહી છે તે મારાથી થઈ શકતી નથી, માટે મુનિમાર્ગ આવો ન હોય, કાંઈક બીજો જ હોય એમ તું શ્રદ્ધામાં ભૂલ કરીશ નહિ, શ્રદ્ધા તો બરાબર કરજે. મુનિદશા ન થઈ શકે તો કબૂલ કરજે કે મારા પુરુષાર્થની ખામી છે, પણ માર્ગ તો આ જ છે. શ્રદ્ધામાં બરાબર લેજે કે માર્ગ તો આ જ છે. જે અંદર છઠ્ઠા—૭મા ગુણસ્થાને હોય, વારંવાર નિર્વિકલ્પ-દશામાં ઝૂલતા હોય તેમને વ્યવહાર પણ આવો પંચમહાવ્રતાદિનો હોય છે. માટે તેમનો નિશ્ચય-વ્યવહાર જેમ છે તેમ નક્કી કરજે, શ્રદ્ધા બરાબર કરજે. આ પંચમકાળ છે માટે થોડું આમ હોય અને થોડું આમ હોય એમ ન માનીશ, શ્રદ્ધા બરાબર કરજે. એવી દશા ન બની શકે તો તે તારા પુરુષાર્થની મંદતા છે, પણ માર્ગ તો આ જ છે. જે બધા મુક્તિને પામ્યા છે તે આ માર્ગે જ પામ્યા છે. સમ્યગ્દર્શન-સ્વાનુભૂતિ થતાં ભેદજ્ઞાનની ધારા પ્રગટે કે હું જ્ઞાયક જુદો છું અને આ શુભાશુભ ભાવ હેય છે. એવી તેની જ્ઞાયકની ધારા હોય છે, વસ્તુસ્વભાવ એવો છે. પણ તે ન બની શકે તો, થોડું આવું પણ હોય અને થોડું આવું પણ હોય—એવો માર્ગ હોય—એવી કલ્પના ન કરીશ, શ્રદ્ધા બરાબર કરજે. શ્રદ્ધાગુણ અને ચારિત્રગુણ બંને જુદા છે. તેથી ચારિત્ર ન બની શકે તો તું નાસીપાસ થઈ શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. અંદર પરિણતિરૂપે જો સ્વાનુભૂતિદશા ન આવે તો પ્રયત્ન કરજે, પણ સ્વાનુભૂતિ કોઈ વસ્તુ નથી, એમ માનીશ નહિ. માર્ગ તો જે છે તે જ છે. ન બની શકતું હોય તો તું શ્રદ્ધા બરાબર કરજે, પ્રયત્ન કરજે.

## બાળ વિભાગ

## વાત્સલ્ય–અંગનું વર્ણન

જેમ, ગાયને પોતાના વાછરડા ઉપર કોઈ જાતની આશા વગર નિરપેક્ષ પ્રેમ આવે છે તેમ, ધર્મીને બીજા સાધર્મીજનો પ્રત્યે સહેજે પ્રેમ આવે છે. તેમને પોતાના જ ગણીને તેમના ઉપર વાત્સલ્ય આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધારક જીવોનો સમૂહ તેને ધર્મીજીવ પોતાના સાચા સ્વજન માને છે. તેમની પ્રાપ્તિ થતાં જાણે કોઈ મહાન નિધાન મળ્યું હોય એવી અત્યંત પ્રીતિ ઊપજે છે. તેમનો આદર, તેમના ગુણની સ્તુતિ, આહાર–પાન, સેવા વગેરેમાં આનંદ માનવો તે વાત્સલ્યઅંગ છે. કપટથી કોઈને દેખાડવા માટે નથી કરતો કે કોઈ બદલાની આશાથી નથી કરતો પણ ધર્મની પ્રીતિને લીધે ધર્મીને એવો પ્રેમભાવ સહેજે આવી જાય છે. જે વીતરાગધર્મને હું સાધું છું તે જ ધર્મને આ સાધી રહ્યા છે, તેથી તે મારા સાધર્મી છે; મારા સાધર્મીને કોઈ દુઃખ ન હો, એમને ધર્મમાં કાંઈ વિઘ્ન ન હો– આ પ્રમાણે સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય છે. આમાં રાગ તો છે પણ તે રાગની દિશા સંસાર તરફથી પલટીને ધર્મ તરફ વાળી દીધી છે. સંસારમાં સ્ત્રી–પુત્ર–પૈસા વગેરેનો રાગ તે તો પાપબંધનું કારણ છે ને સાધર્મી પ્રત્યેના ધર્માનુરાગમાં તો ધર્મની ભાવના પોષાય છે. અંતરંગમાં તો ધર્મીને પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્મામાં પરમ પ્રીતિ છે, તેને જ પોતાનું સ્વરૂપ જાણે છે, એ પરમાર્થ વાત્સલ્ય છે ને વ્યવહારમાં રત્નત્રયના ધારક બીજા સાધર્મી જીવોને પોતાના સમજીને તેમના પર પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય આવે છે. ધર્માત્મા ઉપર દુઃખ આવે તે સાધર્મી જોઈ ન શકે. દરેક પ્રકારે તેનું દુઃખ મટાડવાનો ઉપાય કરે.

સમ્યગ્દષ્ટિને કોઈ પણ જીવપ્રત્યે વેરભાવ નથી, તો પછી ધર્મી પ્રત્યે તો ઈર્ષા શેની હોય! બીજો જીવ પોતાના કરતાં વધી જાય ત્યાં દ્વેષ ન થાય પણ અનુમોદના પ્રેમ આવે. સાધર્મીને અંદરોઅંદર પ્રેમ હોય. કેવો પ્રેમ?–કે માતાને પુત્ર ઉપર પ્રેમ હોય તેવો નિર્દોષ પ્રેમ, ગાયને વાછરડા ઉપર પ્રેમ હોય તેવો નિસ્પૃહ પ્રેમ ધર્મીને સાધર્મી પ્રત્યે હોય. અત્યારે એના દુઃખમાં હું મદદ કરીશ તો ક્યારેક ખરા વખતે તે મને કામમાં આવશે—એવી બદલાની આશા ન રાખે, પણ ધર્મના સહજ પ્રેમથી નિસ્પૃહભાવે ધર્મી પ્રત્યે વાત્સલ્ય રાખે.

જેમ, માતા પોતાના પુત્રનું દુઃખ દેખી શકતી નથી, હરણી પોતાનાં બચ્ચાંના પ્રેમની ખાતર તેની રક્ષા કરવા સિંહની સામે થાય છે. સાચી માતાના પ્રેમની એક વાત આવે છે કે એક બાળક માટે બે સ્ત્રીનો ઝઘડો થયો. ન્યાયાધીશે (સત્યની પરીક્ષા ખાતર) બાળકના બે કટકા કરીને બંનેને એકેક વહેંચી દેવા હુકમ કર્યો; તે સાંભળતાં જ સાચી માતાની તો

રાડ ફાટી ગઈ ! પુત્રને બચાવવા તેણે કહ્યું—ભલે આખેઆખો પુત્ર એને આપી દો, મારે એના કટકા નથી કરવા. દૃષ્ટાંતમાંથી એટલું લેવાનું છે કે સાચી માતા પુત્રનું દુઃખ જોઈ શકતી નથી, તેને કુદરતી વાત્સલ્ય ઊભરાય છે. પ્રદ્યુમ્નકુમાર ૧૬ વર્ષે ઘરે આવ્યો ત્યારે રુકમણીમાતાના હૈયામાં વાત્સલ્યની ધારા ઊભરાણી. તેમ, ખરા પ્રસંગે સાધર્મીનો પ્રેમ છાનો ન રહે. સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિપ્રત્યે અંતરનો પ્રેમ હોય; એને દેખતાં, એના ગુણની વાત સાંભળતાં પ્રેમ આવે. ધર્મનો પ્રેમ હોય તેને ધર્મીપ્રત્યે પ્રેમ હોય જ કેમ કે ધર્મ અને ધર્મી કાંઈ જુદા નથી. (—न धर्मो धार्मिकैः विना)

આ તો સમ્યગ્દર્શન સહિત આઠ અંગની વાત છે; પરંતુ તે પહેલાં પણ ધર્મના જિજ્ઞાસુને ધર્મ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્માત્માનું બહુમાન વગેરે ભાવો હોય છે. મોક્ષનું ખરૂ કારણ તો અંદરમાં પરદ્રવ્યથી ભિન્ન પોતાના આત્માની રુચિ ને જ્ઞાન કરવું તે છે. સમ્યગ્દર્શન વગરના શુભભાવથી મોક્ષમાર્ગ થતો નથી. સમ્યગ્દર્શન પછી પણ જે રાગ છે તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ જ છે. જ્યાં રાગની ભૂમિકા છે ત્યાં આવા વાત્સલ્યાદિ ભાવો જરૂર આવે છે.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર– ૨૦૨૧ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) દાદા અને પૌત્ર | (૮) બનેવી-સાળા | (૧૫) પુત્ર-માતા |
| (૨) બંને બહેનો | (૯) પુત્ર-પિતા | (૧૬) પત્ની-પતિ |
| (૩) માતા અને પુત્ર | (૧૦) ભાઈ-ભાઈ | (૧૭) વેવાઈ-વેવાઈ |
| (૪) ભાઈ-ભાઈ | (૧૧) પિતા-પુત્ર | (૧૮) ભાઈ-બહેન |
| (૫) પિતરાઈ ભાઈ | (૧૨) સસરા અને વહુ | (૧૯) પતિ-પત્નિ |
| (૬) રાવણનો ભાણેજ જમાઈ | (૧૩) ભાઈ-ભાઈ | (૨૦) પતિ-પત્ની |
| (૭) પિતા-પુત્ર | (૧૪) પુત્ર-માતા | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૨૧ના ઉત્તર

| | | | | |
|---|---|---|---|---|
| (૧) ૫ | (૫) ૮ | (૯) ૩૬૩ | (૧૩) ૫ | (૧૭) ૩ |
| (૨) ૨૨ | (૬) ૮૪ | (૧૦) ૨૪ | (૧૪) ૪ | (૧૮) ૩ |
| (૩) ૪૭ | (૭) ૩૩ | (૧૧) ૨૫ | (૧૫) ૪ | (૧૯) ૪ |
| (૪) ૧૧ | (૮) ૧૪૮ | (૧૨) ૨ | (૧૬) ૧૨ | (૨૦) ૭ |

## (૯૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ જીવો અત્યારે કઈ ગતિમાં હશે જણાવો.

(૧) મહાવીર પ્રભુ ...................................

(૨) ગૌતમસ્વામી ...................................

(૩) સીમંધર પ્રભુ ...................................

(૪) કુન્દકુન્દસ્વામી ...................................

(૫) મરુદેવી માતા ...................................

(૬) ત્રિશલા માતા ...................................

(૭) ભરત ચક્રવર્તી ...................................

(૮) બાહુબલી ...................................

(૯) શ્રેણિક રાજા ...................................

(૧૦) સીતાજી ...................................

(૧૧) રામચંદ્રજી ...................................

(૧૨) હનુમાનજી ...................................

(૧૩) પૂજ્ય શ્રી કાનજીસ્વામી ...................................

(૧૪) પૂજ્ય બહેનશ્રી ...................................

(૧૫) તમે પોતે ...................................

(૧૬) લક્ષ્મણનો જીવ ...................................

(૧૭) રાવણનો જીવ ...................................

(૧૮) ગજસુકુમારનો જીવ ...................................

(૧૯) અંજના સતી ...................................

(૨૦) સુબાહુસ્વામી ...................................

## (૯૮) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) આદિનાથ ભગવાનને મુનિદશામાં પ્રથમ આહાર .......... નગરીમાં થયો હતો. (અયોધ્યા, હસ્તિનાપુર, રાજગૃહી)

(૨) તીર્થંકર ભગવાનના સમવસરણની રચના ............ દેવ કરે છે. (લૌકાંતિક, કુબેર, વ્યંતર)

(૩) અજ્ઞાનીને .......... ચેતના હોય છે. (બે, એક, ત્રણ)

(૪) સમ્યગ્દર્શનના આઠ અંગો પૈકી .............. અંગ છે. (સ્થિતિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ)

(૫) એકેન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોનું ............ ગુણસ્થાન હોય છે. (ત્રીજું, બીજું, પહેલું)

(૬) જીવ ............. ના કારણે દુઃખી થાય છે. (ભૂલ, અજ્ઞાન, પાપકર્મ)

(૭) ગૃહસ્થાના છ આવશ્યકમાં ત્રીજું આવશ્યક ................ છે. (સંયમ, દેવપૂજા, સ્વાધ્યાય)

(૮) પદ્મપ્રભુ તેમજ વાસુપૂજ્ય ભગવાનના શરીરનો રંગ .......... હતો. (લાલ, સફેદ, લીલો)

(૯) વાયુથી પણ પોતાના શરીરને હલકું બનાવવું એ ............. ઋદ્ધિનો પ્રકાર છે. (અણિમા, લઘિમા, મહિમા)

(૧૦) જ્યાં કોઈ ચમત્કારિક ઘટના બની હોય તેને ............... ક્ષેત્ર કહે છે. (નિર્વાણ, સિદ્ધ, અતિશય)

(૧૧) કર્મોનું આવવું અટકવું એ ............ તત્ત્વ છે. (સંવર, નિર્જરા, મોક્ષ)

(૧૨) ચાર ઇન્દ્રિય જીવોને ................ પ્રાણ હોય છે. (છ, સાત, આઠ)

(૧૩) ગંગાનદીમાં સ્નાન કરવાથી ધર્મ થાય એ માન્યતા ................ મૂઢતા છે. (દેવ, લોક, પાખંડ)

(૧૪) અમૂર્તત્વ અને અચેતનત્વ બંને સાથે ........... દ્રવ્યમાં હોય છે. (ત્રણ, બે, ચાર)

(૧૫) દશ ધર્મ પૈકી અભિમાનનો ત્યાગ એ ............. ધર્મ છે. (આંકિચન્ય, માર્દવ, સંયમ)

(૧૬) જેના ઉદયથી વેદક સમ્યગ્દર્શનમાં ચલ, મલિન, અગાઢ દોષ લાગે છે તેને ................ પ્રકૃતિ કહે છે. (મિથ્યાત્વ, સમ્યક્, સમ્યક્‌મિથ્યાત્વ)

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૫૦ થી ૬-૦૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

* યવતમાલ નિવાસી અરૂણભાઈ ખારાના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉ.વ. ૭૬)નું તા. ૨૫-૦૫-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* પોરબંદર નિવાસી (હાલ-પાર્લા-મુંબઈ) શ્રી જગદીશભાઈ બખાઈના ધર્મપત્ની મિનાક્ષીબેન (ઉ.વ. ૭૮)નું તા. ૨૫-૮-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* પાર્લા(મુંબઈ) નિવાસી (હાલ-એન્ટવર્પ) સ્વ. શશીકાંતભાઈ શાહના સુપુત્ર મિલનભાઈ (ઉ.વ. ૫૬)નું તા. ૨૮-૮-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* માંગરોળવાળા (સુરત નિવાસી) મનહરલાલ ભીખાજી શાહનું તા. ૧-૯-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* પાર્લા-બોટાદ-સોનગઢના મુમુક્ષુ શ્રી વાડીભાઈ કામદારના ધર્મપત્ની જયાબેન (ઉ.વ. ૯૪)નું તા. ૭-૦૯-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* વિંછીયા નિવાસી (હાલ-પાર્લા) સ્વ. દામોદર પાનાચંદ ડગલીના પુત્ર બકુલ દામોદર ડગલી (ઉ.વ. ૬૭) તા. ૧૦-૯-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટી ખંડવા (મ.પ્ર.) નિવાસી શ્રી રાજકુમાર જૈન (ઉ.વ. ૬૪)નું તા. ૧૬-૯-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓશ્રી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અત્યંત અર્પણતા ધરાવતા હતા. જંબૂદ્વીપ-બાહુબલી પ્રોજેક્ટ માટે તેમણે ઘણી મહેનત કરી હતી. બાહુબલી ભગવાન માટે પથ્થરની પસંદગીથી માંડીને પ્રતિમા તૈયાર કરાવવામાં તથા સોનગઢ લાવવામાં તેમનો મુખ્ય ફાળો હતો. જંબૂદ્વીપનો નકશો બનાવવાનું, જંબૂદ્વીપના ભગવાનોનું માપ, મંદિરોનું માપ વગેરે નક્કી કરવાનું તથા જંબૂદ્વીપના ભગવાનોને સોનગઢ લાવવાનું પ્રશંસનીય કાર્ય ભાવનાપૂર્વક કર્યું હતું.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અરેરે ! પાંચ-પચાસ હજાર રૂપિયા મળી જાય ત્યાં તો હરખાઈ જાય છે પણ ખરેખર તો એ રોઈ રહ્યો છે. આત્મામાં અનંતા ગુણની અજાયબી છે તેને જોતો નથી ને 'પૈસા મારા, રાગ મારો' એમ જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે ને આત્માનું ખૂન કરી રહ્યો છે. ૪૭૬.

● સાધક જીવને ભૂમિકા પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, ભક્તિ, શ્રુત ચિંતવન, અણુવ્રત, મહાવ્રત આદિના શુભ વિકલ્પો આવે છે. હોય છે, પણ તે જ્ઞાયક પરિણતિને બોજારૂપ છે. આહાહા ! અરે ! આવા શુભ વિકલ્પો પણ બોજારૂપ લાગે છે ! જેમ રૂના પોલ ઉપર લોખંડનો ભાર મૂકે ને પોલ દબાઈ જાય તેમ જ્ઞાયક પરિણતિને શુભ વિકલ્પો પણ જ્યાં બોજારૂપ લાગે છે ત્યાં વેપાર-ધંધો-ધનાદિની રક્ષાના અશુભ રાગના બોજાની તો વાત જ શું કરવી ? પવિત્ર પરિણતિમાં શુભની અપવિત્ર પરિણતિ બોજારૂપ છે, ભારરૂપ છે, આકુળતા ને ક્લેશરૂપ છે. આહાહા ! આવું સ્પષ્ટ કથન દિગંબર સંતોનું છે. ભાઈ ! તારે જો તારું પરિણભ્રમણ ટાળવું હોય તો સમ્યક્‌જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી આનંદના સાગર સ્વભાવને પકડી લે ! જો આનંદસ્વરૂપ દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો મુક્તિની પર્યાય સહેજે મળી જશે. ૪૭૮.


● ભાઈ ! તું એકવાર કુતૂહલ તો કર ! ભગવાન તારા આટલા આટલા વખાણ કરે છે, એ છે કોણ ? તું આનંદનો સાગર છો. પરમાનંદ સ્વરૂપ છો. અનંત અનંત ગુણોનું ગોદામ છો. અતીન્દ્રિય આનંદનો દરિયો છો. સિદ્ધ સમાન શુદ્ધ છો. આટલા આટલા તારા વખાણ કરે છે એવો તું પરમાત્મસ્વરૂપ છો કોણ ? એનું એકવાર કુતૂહલ કરીને જો તો ખરો ! ભાઈ ! મહા કષ્ટે, મરીને પણ તું કુતૂહલ કરીને જો ! આ શરીરાદિનો પાડોશી થઈ આત્માનો અનુભવ કર. તો તારો આત્મા આનંદના વિલાસરૂપ દેખાશે ને પરદ્રવ્યનો મોહ તુરત છૂટી જશે. ૪૭૯.

● વિપરીત મિથ્યાત્વના અનંત પ્રકાર છે અને સ્થૂલપણે અસંખ્ય પ્રકાર છે. તેમાંથી જેટલા પ્રકારની વિપરીતતા છૂટે છે તેટલો મિથ્યાત્વનો ત્યાગ નથી. બધા પ્રકારની વિપરીતતા છૂટતાં સમ્યગ્દર્શન થશે, પણ બાહ્ય ત્યાગની દૃષ્ટિવાળાને એ મિથ્યાત્વનો ત્યાગ છે તે દેખાતો નથી. 'રાગ ને હું આત્મા એક છું' એવી માન્યતા ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ મહા પાખંડરૂપ મિથ્યાત્વ છે. પણ બાહ્ય ત્યાગદૃષ્ટિવાળાને એ મિથ્યાત્વનું મહાન પાપ દેખાતું નથી. આહાહા ! એ મિથ્યાત્વના દુઃખો બહુ આકરા છે ભાઈ ! ૪૮૦.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૨૧
અંક-૨ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 10-10-2021
Posted on 10-10-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org